ખેતી બેંક

કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 8 | ઓગસ્ટ-સપ્ટેમ્બર 2024

ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટીવ ઍગ્રીકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક

ખેતી બેન્કના અત્યાધુનિક બોર્ડરૂમનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદઘાટન



બૅન્કના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ

શ્રી ડૉલર કોટેચા
ચૅરમૅનશ્રી

શ્રી જીવણભાઈ બી. આહિર
વાઇસ ચૅરમૅનશ્રી

શ્રી જેઠાભાઈ જી. ભરવાડ
ડે. સ્પીકર

શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે
MLA

શ્રી વિજરાજસિંહ એચ. જાડેજા

શ્રી જશાભાઈ બી. બારડ

શ્રી ફલજીભાઈ ગેમરભાઈ પટેલ

શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ

શ્રી મંગળસિંહ આર. પરમાર

શ્રી કાનભા એફ. ગોહિલ

શ્રી કિશોરસિંહજી કે. ગોહિલ

શ્રી વીરજીભાઈ કે. કુંમ્મર

શ્રી હરદેવસિંહ ટી. જાડેજા

શ્રી નટવરસિંહ એચ. મહીડા

શ્રી ગણપતસિંહ બી. સોલંકી

શ્રી સુરેશભાઈ ડી. પટેલ

શ્રી રામજીભાઈ એચ. ચૌધરી

શ્રી જિનેશકુમાર એન. ઠાકોર

શ્રી કમલ શાહ IAS રજિસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય

શ્રી બી. કે. સિંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી નાબાર્ડ

શ્રી વી. એમ. ચૌધરી
જૉઈન્ટ મેનેજિંગ ડીરેક્ટરશ્રી

વરસાદમાં પાકને નુકસાન થયું હોય તેવા ખેડૂતોને

૩. 350 કરોડના સહાય પેકેજની જાહેરાત

- સંકટ સમયમાં ગુજરાત સરકાર ખેડૂતોની વહારે આવી, વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને ૩. 350 કરોડની મદદ કરાશે
- 4 લાખ હેક્ટર વિસ્તારમાં અસરગ્રસ્ત ખેડૂતોને આવરી લેવાશે અને સહાય પૂરી પડાશે
- મેઘરાજાએ ગુજરાતમાં તારાજી સર્જી, ગુજરાતમાં 9 જેટલા તાલુકામાં ઊભા પાક અને બાગાયતી પાકને વ્યાપક નુકસાન

વર્ષ 2024ના જુલાઈ મહિનામાં અતિભારે વરસાદને કારણે 9 જેટલા જિલ્લામાં પાકને મોટું નુકસાન થયું હતું. તેમાં મોટા ભાગે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાનો સમાવેશ થાય છે. આ આપત્તિકાળમાં ખેડૂતોને મદદરૂપ થવા માટે ગુજરાત સરકારે રૂ. 350 કરોડના સહાય પેકેજની જાહેરાત કરી છે. આ જાહેરાત રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે કરી હતી.

આ જાહેરાત કરતાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે ઉલ્લેખ કર્યો હતો કે જુલાઈ મહિનામાં પડેલા અનરાધાર વરસાદથી ખેડૂતોના ઊભા અને બાગાયતી પાકોને મોટા પાયે નુકસાન થયું છે. આથી આવા કપરા સમયમાં ગુજરાત સરકાર ખેડૂતોને મદદરૂપ થવા માંગે છે.

ઉલ્લેખનીય છે કે જુલાઈ મહિનામાં ગુજરાતના 9 જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો. તેને કારણે 4 લાખ હેક્ટરમાં ઊભા પાક, બાગાયતી પેદાશો અને સેંકડો આંબાને નુકસાન થયું હતું. આ રાહત પેકેજ અંતર્ગત બિન-પિયત ખરીફ પાકના 33 ટકા કે તેનાથી વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂતોને એક હેક્ટર દીઠ રૂ. 11,000ની મહત્તમ સહાય આપવામાં આવશે. એ જ રીતે પિયત પાકને નુકસાન થયું હશે તો પ્રતિ હેક્ટર રૂ. 22,000નું વળતર આપવામાં આવશે. છેલ્લી ત્રણ સીઝન કરતા વધુ સમયથી ફળ પાક ઉગાડતા ખેડૂતોને ભારે વરસાદને કારણે નુકસાન થયું હશે તો તેમને હેક્ટર દીઠ રૂ. 22,500નું વળતર ચૂકવવામાં આવશે.

કયા કયા જિલ્લામાં ખેડૂતોને સહાય મળશે?

વરસાદને કારણે જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના 45 જેટલા તાલુકામાં ભારે વરસાદે તારાજી સર્જી હતી. તેને કારણે 4.06 લાખ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયું હતું. સરકારે આ માટે તાત્કાલિક 272 ટુકડીઓની રચના કરીને સરવે હાથ ધર્યો હતો. આ સરવેના આધારે વરસાદને કારણે નુકસાન ભોગવનારા 1.50 લાખથી વધુ ખેડૂતોને સહાય આપવામાં આવશે. અસરગ્રસ્ત ખેડૂતોને SDRF- સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારાધોરણો મુજબ સહાયની ઘોષણા કરવામાં આવી છે.

અમદાવાદ ખેતી બેન્ક ખાતે નાફકાર્ડની 175મી બોર્ડ મીટીંગ અને AGM યોજાઇ

NAFCARD-નાફકાર્ડ (રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક ફેડરેશન)ની 175મી બોર્ડ મીટીંગ અને વાર્ષિક સાધારણ સભાનું આયોજન 29 ઓગસ્ટ 2024ના રોજ અમદાવાદમાં આવેલી ખેતી બેન્કની હેડ ઑફિસ ખાતે કરવામાં આવ્યું હતું. આ મીટીંગ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદઘાટિત પ્રતિષ્ઠિત બોર્ડ રૂમમાં કરવામાં આવી હતી. આ મીટીંગનું વડપણ ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ સંભાળ્યું હતું. તેમણે મીટીંગમાં ઉપસ્થિત દરેક મહાનુભાવોનું સુંદર ફૂલ, સોવિનિયર્સ, મેમેન્ટો અને શાલ મારફતે બહુમાન કર્યું હતું. તેમના આવકારથી જ ફેડરેશનની મીટીંગને ચાર ચાંદ લાગી ગયા હતા.

આ મીટીંગમાં ગુજરાત ખેતી બેન્ક અને નાફકાર્ડના ચેરમેન ડોલર કોટેચા, ક્રિભકોના ચેરમેન ડો. ચંદ્રપાલ સિંહ યાદવ, રાજ્યસભાના સાંસદ નરહરિ અમીન તથા મયંકભાઈ નાયક, NCUIના ઉપ પ્રમુખ ડો. બિજેન્દર સિંહ, ગુજરત રાજ્ય સહકાર સંઘના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન, ગુજરાત પ્રદેશ સહકારિતા સેલ, ભાજપના કન્વીનર બિપિનભાઈ પટેલ, ગુજરાત સ્ટેટ હાઉસિંગ ફાયનાન્સ કોર્પોરેશનના ચેરમેન દેવરાજભાઈ ચિખલિયા, GCMMFના ચેરમેન શામળભાઈ પટેલ, ક્રિભકોના ડિરેક્ટર પરેશભાઈ પટેલ, નાફસ્કોબના ચેરમેન અને નાફકાર્ડના વાઈસ ચેરમેન કે. રવીન્દર રાવ અને નાફકાર્ડના મેનેજિંગ ડિરેક્ટર કે.કે રવીન્દ્રન જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહેમાનોએ આ પ્રસંગે સંબોધન કરીને જ્ઞાનની સરવાણી વહાવી હતી. તેમના વિચારોથી સહકાર ક્ષેત્ર વચ્ચે સહકારની ભાવના વધુ પ્રબળ બની હતી. આ મીટીંગમાં નાફકાર્ડની સિદ્ધિઓ અને ધ્યેય અંગે પણ ચર્ચા હાથ ધરાઈ હતી. તેનાથી સભ્યોની દૂરંદેશી અને કુનેહના પણ મીટીંગમાં દર્શન થયા હતા.

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશના ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહ જ્યારે સહકાર ક્ષેત્રના માધ્યમથી સમગ્ર દેશને જોડવાની હાકલ કરી રહ્યા છે ત્યારે નાફકાર્ડની મીટીંગમાં દેશના સહકાર ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્યના દર્શન થયા હતા.

અમિત શાહ અમદાવાદમાં યોજાયેલી ભવ્ય ત્રિરંગા યાત્રામાં જોડાયા

ભારત દેશના 78મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે અમદાવાદમાં યોજાયેલી ભવ્યાતિભવ્ય ત્રિરંગા યાત્રામાં દેશના ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ જોડાયા હતા. આ યાત્રા 13 ઓગસ્ટના રોજ યોજાઈ હતી. આ સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા. અમદાવાદની ભવ્ય ત્રિરંગા યાત્રામાં રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, સહકારિતા મંત્રી જગદીશ પંચાલ, અમદાવાદના મેયર પ્રતિભા જૈન, અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ મલિક, અમદાવાદના જિલ્લા વહીવટ કચેરીના અધિકારીઓ, કોર્પોરેશનના અધિકારીઓ સાથે અનેક અગ્રણીઓ, કલાકારો, સામાજિક અગ્રણીઓ, પોલીસ અધિકારીઓ, સંતો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ પ્રસંગે યુવાનોમાં દેશભક્તિની ભાવના જગાડતા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું, "આ 78મા સ્વાતંત્ર્ય દિન પર ગુજરાતનું એક ઘર,એક મકાન, એક ઑફિસ કે એક વાહન એવું ન હોવું જોઈએ જેના પર ત્રિરંગો ન લહેરાતો હોય. આવતા 25 વર્ષ ભારતનો અમૃત કાળ એટલે કે ઉત્તમ સમય છે." આ યાત્રામાં 2151 ફૂટ લાંબો ત્રિરંગો વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

રાષ્ટ્રધ્વજ રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિ સૌહાર્દ અને સ્વતંત્રતા આંદોલનના ત્યાગનું પ્રતીક છે. આથી જ તેમણે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત અમદાવાદના દરેક યુવાન અને દરેક નાગરિકને સ્વતંત્રતા દિવસ નિમિત્તે ત્રિરંગો લહેરાવવાની અપીલ કરી હતી. આ પ્રસંગે તેમણે અમદાવાદના યુવાનોને વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં કાર્ય કરવાની અપીલ કરી હતી.

અમદાવાદમાં યોજાયેલી ત્રિરંગામાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ ભાગ લીધો

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે યુવાનોને ભારતને 2047 સુધીમાં વિકસિત દેશ બનાવવાની પ્રેરણા આપી.

અમદાવાદની ત્રિરંગા યાત્રામાં 2151 ફૂટ લાંબો ત્રિરંગો આકર્ષણનું કેન્દ્ર બન્યો

આ યાત્રાની શરૂઆત ઓઢવના વિરાટનગરથી કરવામાં આવી હતી. આ યાત્રા અમદાવાદના ઓઢવ વિસ્તારમાં જ કેસરી નંદન ચોકથી નિકોલના ખોડિયાર મંદિર સુધી પાંચ કિલોમીટરના વિસ્તારમાં યોજવામાં આવી હતી. આ પ્રસંગે વિશાળ જનમેદનીને સંબોધન કરતા અમિત શાહે જણાવ્યું, "આ દેશે 2047 સુધીમાં વિકસિત દેશ બનવાનો નિર્ધાર કર્યો છે. દેશના યુવાનોએ દેશને વિકસિત બનાવવા માટે આગળ આવવું પડશે. આપણે જે ક્ષેત્રમાં કાર્ય કરીએ તે ક્ષેત્રમાં દેશને અગ્રણી બનાવવા માટે આપણે કમર કસવી પડશે."

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અંગે વાત કરતા જણાવ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સશક્ત નેતૃત્વમાં ભારત 2047 સુધીમાં વિકસિત ભારત બનવા જઈ રહ્યું છે. તેઓ દેશનું વૈશ્વિક ફલક પર પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. છેલ્લા એક દાયકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વથી દેશે એવી અનેક સિદ્ધિ હાંસલ કરી છે જેનાથી વૈશ્વિક સ્તરે દેશની સરાહના થઈ છે." તેમણે એમ પણ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આંતકવાદ અને નક્સલવાદના દૂષણથી ઘેરાયેલા રાજ્યોમાં પણ સારો વિકાસ જોવા મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશે હાંસલ કરેલી સિદ્ધિઓ યાદ કરાવતા તેમણે જણાવ્યું કે તેમના શાસનકાળમાં સર્જિકલ અને એર સ્ટ્રાઈક શક્ય બની હતી અને મહામારીના સમયમાં 130 કરોડ નાગરિકોને રસીના બે ડોઝ મળ્યા હતા.

આ ત્રિરંગા યાત્રા રાષ્ટ્રનિર્માણમાં મોટો ફાળો આપશે તેવો વિશ્વાસ પણ એમણે દર્શાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે 'હર ઘર તિરંગા' અભિયાનની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે વર્ષ પહેલા કરી હતી. આ એક રાષ્ટ્રભક્તિનું ચિહ્ન નથી, પરંતુ સાથે સાથે દેશને 2047 સુધીમાં વિકસિત બનાવવાની પ્રતિજ્ઞા પણ છે. આ યાત્રામાં અમિત શાહે સ્વતંત્ર સેનાની ભીખાજી કામાને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે યુવાનોને સ્વતંત્રતા સેનાનીઓએ આપેલા બલિદાનોને યાદ કરવા અને તેમનું સન્માન કરવાની અપીલ કરી હતી.

આ યાત્રામાં હજારો નાગરિકો જોડાયા હતા. તેની સાથે સાથે રાજ્ય તથા કેન્દ્રના પોલીસ ફોર્સ, ટ્રાફિક પોલીસ, કોસ્ટ ગાર્ડ, NSSના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. આ યાત્રાની આગેવાની સશસ્ત્ર દળોએ કરી હતી. તેની સાથે થોડા અંતર સુધી અમિત શાહ અને ભૂપેન્દ્ર પટેલ જોડાયા હતા.

'હર ઘર તિરંગા' સ્વાતંત્ર્ય સેનાનીઓને બલિદાનોને યાદ કરવાનો અવસરઃ ભૂપેન્દ્રભાઈ પટેલ

ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જનમેદનીને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'હર ઘર તિરંગા' અભિયાન દેશની સ્વતંત્રતાની ઉજવણી કરવા માટે અને સ્વતંત્ર સેનાનીઓના બલિદાનનું સન્માન કરવા માટે શરૂ કર્યું છે. આજે આ અભિયાન એક રાષ્ટ્રીય તહેવાર બની ચૂક્યું છે." તેમણે જણાવ્યું કે વડાપ્રધાન મોદીનું દૃઢપણે માનવું છે કે રાષ્ટ્રધ્વજમાં લોકોને જોડવાની તાકાત છે. તેમણે કહ્યું, "આપણને સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેવાનો મોકો ન મળ્યો. પરંતુ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં અમને આઝાદીના અમૃતકાળમાં વિકસિત ભારતને આકાર આપવાની તક મળી છે." તેમણે એ પણ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના સશક્ત નેતૃત્વમાં ભારત પ્રતિ દિન નવી ઊંચાઈ સર કરી રહ્યું છે. તેમણે કહ્યું, "આપણી (ગુજરાતની) ભૂમિના મહાત્મા ગાંધી અને સરદાર પટેલે દેશને સ્વરાજ અપાવ્યું, અને આપણા તત્કાલીન નેતા નરેન્દ્ર મોદી અને અમિત શાહ આપણને સુરાજ (સારુ શાસન) અપાવ્યું. હર ઘર તિરંગા અભિયાનથી લોકોમાં રાષ્ટ્ર સર્વોચ્ચ હોવું જોઈએ તેવી ભાવના જાગૃત થઈ છે. આ ચળવળ વ્યાપક રૂપે સમગ્ર દેશમાં પ્રસરી રહી છે."

ખેતી બેન્કના અત્યાધુનિક બોર્ડરૂમનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદઘાટન

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહની આગેવાનીમાં સહકાર ક્ષેત્ર વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. એ દિવસો હવે ભૂતકાળ બની ગયા છે જ્યારે ખેડૂતો માટેની સંસ્થાઓમાં કામ ગોકળગાય ગતિએ ચાલતું હતું. હવે ખાનગી સેક્ટરની જેમ સહકારી ક્ષેત્રે પણ કોમ્પ્યુટરાઈઝેશન શરૂ થઈ ગયું છે. વર્ષ 1951થી ખેડૂતોના હિત માટે કાર્યશીલ ખેતી બેન્ક પણ હવે આધુનિકીકરણ અને ડિજિટાઈઝેશનની દિશામાં ડગ ભરી રહી છે. તેમાંય અમદાવાદ સ્થિત ખેતી બેન્ક (ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક લિમિટેડ) ડિજિટલ બોર્ડરૂમ ધરાવનારી ભારત દેશની સર્વપ્રથમ ખેતી બેન્ક બની ગઈ છે.

ખેતી બેન્કના આ અત્યાધુનિક બોર્ડરૂમનું ઉદઘાટન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે 4 ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં મુખ્યમંત્રી દ્વારા બેન્કના સ્થાપક ઉદયભાણસિંહજીની પ્રતિમાનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેમણે બોર્ડરૂમની તકતીનું અનાવરણ કર્યું હતું. આ પછી તેમણે અદ્યતન સુવિધાઓથી સજ્જ બોર્ડરૂમનું રિમોટ કંટ્રોલથી ઉદઘાટન કર્યું હતું અને તેની ડિજિટલ સ્ક્રીનનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે જ અમદાવાદ ખાતેની ખેતી બેન્કની હેડ ઑફિસ સમગ્ર દેશમાં આધુનિક બોર્ડરૂમ ધરાવનારી સૌથી પ્રથમ ખેતી બેન્ક બની ગઈ હતી.

આ પ્રસંગે એક માહિતીસભર પ્રેઝન્ટેશન સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને બોર્ડરૂમની ખાસિયતો અંગે જાણકારી આપવામાં આવી હતી. જેમ કે, આ બોર્ડરૂમમાં તમામ કામગીરી પેપરલેસ બનાવી દેવાઈ છે. મીટીંગના નોટિફિકેશન બોર્ડના સભ્યોને મેસેજ અને ઈ-મેઈલના માધ્યમથી મોકલવામાં આવે છે. આ ઉપરાંત અન્ય કામગીરી પણ ડિજિટલ માધ્યમથી કરવામાં આવશે. આ ઉપરાંત ડેટાની સિક્યોરિટી ઉપર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. ઓથોરાઈઝેશન સિવાય કોઈ પણ વ્યક્તિ આ ડેટા મેળવી શકતી નથી. આવી બોર્ડરૂમની અનેક ખાસિયતોથી મુખ્યમંત્રીને

દેશમાં સૌ પ્રથમ વખત ખેતી બેન્કમાં અદ્યતન બોર્ડરૂમ બનાવવામાં આવ્યો

છેલ્લા અઢી વર્ષમાં ટેક્નોલોજી ક્ષેત્રે ખેતી બેન્કે ભરી હરણફાળ

ગુજરાતના 60 લાખ ખેડૂતોના હિતમાં સતત કાર્યશીલ છે ખેતી બેન્ક

બેન્કની ત્રણ OTSથી ગુજરાતના ખેડૂતોને રૂ. 1 અબજનો ફાયદો થયો

'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેતી બેન્કના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું

પરિચિત કરવાયા હતા.

આ બોર્ડરૂમનું ઉદઘાટન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે "સહકાર ક્ષેત્રે સમાજના નાનામાં નાના માણસને ધ્યાનમાં રાખીને વિકાસ થઈ રહ્યો છે. તેનો મોટો લાભ કૃષિ ક્ષેત્રને અને ખેડૂતોને થઈ રહ્યો છે તે ઘણા આનંદની વાત છે."

ખેતી બેન્કના અદ્યતન બોર્ડરૂમના

ખેતી બેન્કના અત્યાધુનિક બોર્ડરૂમની ખાસિયતો:

- બોર્ડરૂમમાં મીટીંગની તમામ કામગીરી પેપરલેસ છે. અર્થાત્ તેમાં કાગળનો બિલકુલ ઉપયોગ કરાતો નથી.
- બોર્ડના સભ્યોને એજન્ડા અને મીટીંગની અન્ય વિગતો મોબાઈલ અને ઈ-મેઈલ પર મોકલવામાં આવે છે.
- બોર્ડની લાઈટ્સ સેન્ટ્રલી કંટ્રોલ્ડ થાય છે.
- બોર્ડરૂમમાં શેર કરાતી વિગતો સુરક્ષિત રહે તે માટે સિક્યોરિટીની પૂરતી વ્યવસ્થા કરાઈ છે.
- જે વ્યક્તિને અધિકૃત કરાઈ હોય તે જ બોર્ડરૂમની વિગતોને એક્સેસ કરી શકે છે.
- બોર્ડરૂમની મીટીંગનો એજન્ડા, નોટિસ વગેરે કોઈ પણ સ્થળે, કોઈ પણ સમયે એક્સેસ કરી શકાય છે.

ઉદઘાટનના કાર્યક્રમમાં એલિસબ્રિજના ધારાસભ્ય અમિતભાઈ શાહ, નારણપુરાના ધારાસભ્ય જીતુભાઈ ભગત, વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર, ખેતી બેન્કના ડાયરેક્ટર જશાભાઈ બારડ, વીરજી ઠુંમર, ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન, બેન્કના અન્ય ડાયરેક્ટર્સ, સહકારી ક્ષેત્રના આગેવાનો અને ખેતી બેન્કના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ પણ ઉપસ્થિત બોર્ડ મેમ્બર્સ અને મહાનુભાવોને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું, "દેશના ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના વડપણ હેઠળ અલાયદા સહકાર મંત્રાલયની શરૂઆત થતા દેશમાં કૃષિ અને સહકાર ક્ષેત્રે નોંધપાત્ર સુધારા થયા છે." તેમણે ગુજરાતના 60 લાખ ખેડૂતો વતી OTS (વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ) મંજૂર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું, "રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ખેડૂતોના હિતમાં ચઢત વ્યાજ માફી અંગે બેન્કની સેટલમેન્ટ યોજનાને મંજૂરી અપાતા છેલ્લા ત્રણ વર્ષમાં 7427 જેટલા ખેડૂતોને રૂ. 85.91 કરોડની વ્યાજમાફીનો ફાયદો થયો છે અને તેઓ દેવામુક્ત થયા છે."

ખેતી બેન્કના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર વી.એમ ચૌધરીએ આ પ્રસંગે ખેતી બેન્કની સિદ્ધિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને માહિતી આપી હતી. તેમણે જણાવ્યું, "આ 0 ટકા NPA ધરાવતી ગુજરાતની એક માત્ર ખેતી બેન્ક છે. છેલ્લા ત્રણ વર્ષથી બેન્કના નફામાં સતત વધારો થઈ રહ્યો છે. ધિરાણ અને વસૂલાત બંને ક્ષેત્રે બેન્ક એક પછી એક માઈલસ્ટોન હાંસલ કરી રહી છે. આ વર્ષે બેન્કે રૂ. 64.30 કરોડનો નફો નોંધાયો છે અને બેન્કના 6 લાખ જેટલા સભાસદોને 15 ટકા ડિવિડન્ડ આપવામાં આવ્યું છે. વર્ષ 2022-23માં આ નફો રૂ. 51.29 કરોડ જેટલો હતો અને સભાસદોને આગલા વર્ષે પણ 15 ટકા ડિવિડન્ડ આપવામાં આવ્યું હતું. વર્ષ 2021-22માં બેન્કનો નફો રૂ. 29.29 કરોડ હતો અને સભાસદોને 20 ટકા ડિવિડન્ડ અપાયું હતું. આમ છેલ્લા ત્રણ વર્ષમાં બેન્કના નફામાં ઉત્તરોત્તર જંગી વધારો નોંધાઈ રહ્યો છે."

તેમણે વધુમાં જણાવ્યું કે વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ અંતર્ગત બેન્ક જૂના અને જામી ગયેલા રૂ. 145 કરોડ પાછા મેળવી શકી હતી. બેન્કે રૂ. 85 લાખનું ચડત વ્યાજ જતું કર્યું તેની સામે ગુજરાતના ખેડૂતોને રૂ. 85.91 કરોડનો ફાયદો થયો હતો. આ ઉપરાંત કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કોના આધુનિકીકરણ માટે કેન્દ્ર સરકારે રૂ. 225 કરોડનું પેકેજ જાહેર કરતા આગામી સમયમાં બેન્ક ખેડૂતોને વધુ સારી સુવિધા આપી શકશે. અત્યારે ખેતી બેન્કની બધી જ શાખા કોર બેન્કિંગ પ્લેટફોર્મ પર જોડાયેલી છે. ગ્રાહકોને શ્રેષ્ઠતમ સુવિધા આપવા માટે કસ્ટમર સર્વિસ સેન્ટર બેન્ક દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. વી.એમ ચૌધરીએ તેમના વ્યક્તિત્વમાં OTSને મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે ખેતી બેન્કના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર વી.એમ ચૌધરીએ જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષથી ખેતી બેન્કની વાર્ષિક સાધારણ સભા નિયમિતરૂપે મળી રહી છે અને તેમાં 171 શાખાના પ્રતિનિધિઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. આ ત્રણ વર્ષના ગાળામાં ખેતી બેન્કની

સાધારણ સભાને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ, ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર પાટીલ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સંબોધિત કરી ચૂકયા છે. પ્રાકૃતિક ખેતી તરફ ઝુકાવ ધરાવતા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરણાથી વાર્ષિક સાધારણ સભામાં પ્રાકૃતિક કૃષિ અંગે પરિસંવાદ યોજવામાં આવી રહ્યો છે. તેમાં જમીનની તથા કૃષિ ઉત્પાદનોની ગુણવત્તા સુધારવા અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે સારું કામ કરનારા ખેડૂતોનું બહુમાન પણ કરવામાં આવી રહ્યું છે.

ખેતી બેન્કની ઈતર અને સમાજસેવાની પ્રવૃત્તિઓ અંગે વાત કરતા વી.એમ ચૌધરીએ જણાવ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે ખેતી બેન્ક દ્વારા પ્રાંગણમાં 62 વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રજાસત્તાક દિન અને સ્વાતંત્ર્ય

દિનની પણ ખેતી બેન્ક દ્વારા રંગે ચંગે ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત ગણેશ ચતુર્થી જેવા ધાર્મિક તહેવારોમાં ઉત્સાહભેર ગણેશ સ્થાપન કરવામાં આવી રહ્યું છે. ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે સ્વચ્છ ભારત અભિયાનમાં ખેતી બેન્કના કર્મચારીઓ જોડાય છે.

આ પ્રસંગે બેન્કના ડિરેક્ટર જશાભાઈ બારડે પણ સૌનું સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું, "આઝાદી બાદ ઉદયભાણસિંહજીએ બેન્કની સ્થાપના કરી ત્યાર બાદ ખેતી બેન્ક માત્રને માત્ર ખેડૂતો સાથે જોડાયેલી સંસ્થા બની રહી છે. ખેતી બેન્કની કામગીરીમાં છેલ્લા અઢી વર્ષમાં મોટું પરિવર્તન આવ્યું છે. ખેડૂતોની સંસ્થામાં આવો અદ્યતન બોર્ડરૂમ બનાવવો તે જ ઈતિહાસ સર્જવા સમાન છે. સતત ત્રણ વર્ષથી બેન્ક સારો નફો નોંધાવી રહી છે. બેન્કનો ગ્રોસ નફો રૂ. 100 કરોડ રહ્યો હોય તેવું આ ત્રીજું વર્ષ છે. ભવિષ્યમાં ખેડૂતોની આવક પ્રબળ થાય તે માર્ગે આપણે સૌ આગળ વધીએ તેવી પ્રાર્થના છે."

'એક પેડ માં કે નામ' અંતર્ગત મુખ્યમંત્રીએ કર્યું ખેતી બેન્કના પ્રાંગણમાં વૃક્ષારોપણ:

બોર્ડરૂમના ઉદઘાટન નિમિત્તે ખેતી બેન્કના પરિસરમાં પધારેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'એક પેડ માં કે નામ' પહેલ અંતર્ગત ખેતી બેન્કના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. તેની સાથે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા તથા બોર્ડના સભ્યોએ પણ વૃક્ષારોપણ કરીને હરિયાળા ભવિષ્યની રચનામાં પોતાનું યોગદાન આપ્યું હતું. .

પંચમહાલ જિલ્લામાં ખેતી બેન્કના નવા મકાનનું ખાત મુહૂર્ત

ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરામાં હવે નજીકના ભવિષ્યમાં ખેતી બેન્કની અત્યાધુનિક કચેરી બનવા જઈ રહી છે. આ મકાનનું ખાત મુહૂર્ત 18 ઓગસ્ટ 2024ના રોજ ગોધરા ખાતે કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિરે તેમના વરદહસ્તે ખાત મુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ તેમનું

ભાવભીનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે સાંસદ રાજપાલ જાદવ, ડૉ. જશવંતસિંહ પરમાર, ગોધરાના ધારાસભ્ય સી.કે રાઉલજી, લુણાવાડાના પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ માલીવાડ, એપીએમસીના ચેરમેન પ્રવીણસિંહ રાઉલજી, ગોધરાની ગુરુગોવિંદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રતાપસિંહ ચૌહાણ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ખેતી બેન્કના કર્મચારીઓએ પણ ઉત્સાહભેર ખાત મુહૂર્તના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.



ઝંડા ઊંચા રહે હમારા

દેશના 78માં સ્વતંત્રતા દિન નિમિત્તે અમદાવાદમાં આશ્રમ રોડ પર આવેલી ખેતી બેન્કની વડી કચેરીએ રંગેચંગે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સહકાર ક્ષેત્ર માટે દાયકાઓથી સહકાર ચેતના ચલાવનાર જિતેન્દ્ર વ્યાસના વરદ હસ્તે તિરંગો ફરકાવીને સ્વતંત્રતા દિનની આનંદ ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજ વંદનના કાર્યક્રમમાં ખેતી બેન્કના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર વી.એમ. ચૌધરી અને ખેતી બેન્કના સ્ટાફના સભ્યોએ ઉપસ્થિત રહીને રાષ્ટ્રભાવનાને બુલંદ બનાવી હતી.

‘વિજયી વિશ્વ તિરંગા પ્યારા’ના નારા સાથે ખેતી બેન્કના કર્મચારીઓની તિરંગા યાત્રા

દેશના 78માં સ્વતંત્રતા દિન નિમિત્તે અમદાવાદમાં આશ્રમ રોડ પર આવેલી ખેતી બેન્કની વડી કચેરીએ રંગેચંગે ધ્વજવંદનનો કાર્યક્રમ પૂરો કર્યા બાદ દેશની આઝાદીના પર્વની આનંદઉલ્લાસથી ઉજવણી કરવા માટે તિરંગાયાત્રા કાઢી હતી. આ તિરંગાયાત્રાની મોખરે બેન્કની મહિલા કર્મચારીઓ રહી હતી. તેઓ કહેતા હોય કે હવે નારી સશક્ત બની છે અને બેન્કની જેમ દેશ અને દુનિયામાં પણ તિરંગાની શાનને મજબૂત કરવા તેઓ સક્ષમ છે. ખેતી બેન્કની મહિલા કર્મચારીઓ ઉપરાંત બેન્કના કર્મચારીઓ હરઘર તિરંગાની ભાવનાને બુલંદ બનાવતા હોય તેમ હાથમાં દેશના ગૌરવરૂપ અને દેશની શાન ગણાતા તિરંગાને લઈને આશ્રમ રોડ પર ‘ઝંડા ઊંચા રહે હમારા, વિજયી વિશ્વ તિરંગા પ્યારા’ના બુલંદ સૂત્રોચ્ચાર સાથે ઘૂમ્યા હતા અને સાથે સાથે જ લોકોને સંદેશ આપતા હતા કે એકવીસમી સદી ભારતની છે. ભારતીય તિરંગો દુનિયામાં ભારતની શાનને બુલંદ કરવાનું કામ કરશે.

ખેતી બેન્કની 178મી નહેરુબ્રિજ શાખાનું રાજ્ય રજીસ્ટ્રારના વરદ હસ્તે ઉદઘાટન

ખેતી બેંકના ૭૩માં સ્થાપના દિન નિમિત્તે બેંકની હેડ ઓફિસ, આશ્રમ રોડ અમદાવાદ ખાતે નહેરુબ્રિજ શાખાનું રાજ્ય રજીસ્ટ્રાર એન.વી.ઉપાધ્યાયના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. નવી શાખા શરૂ કરવાના આ શુભપ્રસંગે જોઈન્ટ રજિસ્ટ્રાર શ્વેતાબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ખેતી બેન્કના ચેરમેન ડૉલર કોટેચાએ ખેતી બેંકના આદ્ય સ્થાપક સ્વ. ઉદયભાણસિંહજીની પ્રતિમાને ફૂલહાર કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. ખેતી બેન્કના 73માં સ્થાપના દિન નિમિત્તે અમદાવાદના આશ્રમ રોડ પર આવેલી બેન્કની હેડ ઓફિસમાં બેન્કના બોર્ડના સભ્યોની એક બેઠક પણ રાખવામાં આવી હતી. ખેતી બેંકના કાર્યવાહક મંડળના જ સદસ્યોએ પણ જોઈન્ટ રજીસ્ટ્રાર શ્વેતાબેન પટેલનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત બેન્કના 73મા સ્થાપના દિન નિમિત્તે બેન્કના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચાએ રજીસ્ટ્રાર શ્રીનું મીઠું મોં કરાવીને આનંદ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત આગામી વર્ષોમાં પણ ખેતી બેન્ક પ્રગતિના પંથે ખૂબ આગળ વધે તેવી મંગલકામના કરી હતી

ખેતી બેન્કના આદ્યસ્થાપક સ્વ. શ્રી ઉદયભાણસિંહજીની પ્રતિમાને વંદન કરતા ગુજરાતના રજીસ્ટ્રાર શ્રી એન.વી.ઉપાધ્યાય

નવી બ્રાન્ચના ઉદઘાટન પ્રસંગે ખેતી બેન્કના સમગ્ર બોર્ડ ઑફ ડિરેક્ટર્સે રાજ્યના રજીસ્ટ્રાર શ્રી એન.વી.ઉપાધ્યાયનું સ્વાગત કર્યું હતું.

રાષ્ટ્રીય જળસ્રોતમાં વૃદ્ધિ કરવી એ જ એક માત્ર લક્ષ્ય: સી.આર. પાટિલ

જળસંચય વધારીને દેશના જળસ્રોતોમાં વૃદ્ધિ કરવી એ જ એકમાત્ર લક્ષ્ય હોવાની જાહેરાત કરવામાં આવી છે. આ ધ્યેયને હાંસલ કરવા માટે સંપૂર્ણ સમર્પણ ભાવથી હું કાર્ય કરીશ. કેન્દ્રના જળશક્તિ મંત્રાલયને પ્રધાન સી.આર. પાટિલે પ્રસ્તુત જાહેરાત કરવા ઉપરાંત કહ્યું હતું કે ગુજરાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જળશક્તિનું રાષ્ટ્રશક્તિમાં રૂપાંતર કરશે. સી.આર. પાટિલ ગુજરાતના નવસારી મતદારક્ષેત્રના સાંસદ છે. નરેન્દ્ર મોદીએ આપણેને જળસંચય અને જળસ્રોતોની જાળવણીનું મહત્વ સમજાવ્યું છે. આગામી પેઢીને વારસામાં સમૃદ્ધ જળસ્રોતો આપી જવાનું લક્ષ્ય રાખીને કામ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત અને દેશના લાંબા ગાળા સુધી ટકી રહે તેવા વિકાસ માટે જળસ્રોતોનું નિયમન અનિવાર્ય બની ગયું છે. સર્વનો સમાવેશ કરતાં વિકાસ માટે અને લાંબા ગાળા સુધી ટકી રહે તેવા વિકાસ માટે પણ જળસ્રોતની જાળવણી અને વૃદ્ધિ અનિવાર્ય બની ગઈ છે. તેથી જ જળ જાળવણી, જળસંચય અને જળના સમ્યક-સમતોલ વિકાસ પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. જળ સંરક્ષણ માટે સીએસઆરનો ઉપયોગ કરીને ગુજરાતે નવો રેકોર્ડ બનાવ્યો છે. સુરત, વલસાડ, ડાંગ, તાપી, નવસારીમાં CSR પહેલની મદદથી આ તમામ સ્થળોએ લગભગ 10 હજાર બોરવેલ રિચાર્જનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. હવે, 'જલ સંચય-જન ભાગીદારી અભિયાન' દ્વારા, જલ શક્તિ મંત્રાલય અને ગુજરાત સરકારે મળીને આવા 24 હજાર બોરવેલ રિચાર્જ કરવાની કામગીરી કરવામાં આવશે.

જળ સંચય એ માત્ર નીતિ નથી. આ એક પ્રયાસ છે. જળસંચય એ એક સદગુણ પણ છે. જળસંચયમાં ઉદારતા અને જવાબદારી પણ છે. તેથી જ જળ સંરક્ષણનો ઠરાવ કરવામાં આવ્યો છે. આમ આજે લોકભાગીદારી દ્વારા આ દિશામાં વધુ એક સાર્થક પ્રયાસ શરૂ થઈ રહ્યો છે. સપ્ટેમ્બર 2024માં દેશના ખૂણે-ખૂણે પડેલા વરસાદના તાંડવ પહેલા દેશનો ભાગ્યે જ કોઈ વિસ્તાર એવો હશે કે જેને આ સમસ્યાને કારણે સંકટનો સામનો ન કરવો પડ્યો હોય. કુદરતના આ પ્રકોપનો સામનો કરવા માટે તમામ વ્યવસ્થા એટલી મજબૂત કરવામાં આવશે.

આજે પણ દેશના ઘણા ભાગો એવા છે જે ભારે વરસાદને કારણે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમને માટે પણ જળસંચય જરૂરી છે. વિશ્વના કુલ તાજા પાણીના માત્ર 4 ટકા ભારતમાં છે. ભારતમાં ઘણી મોટી નદીઓ છે, પરંતુ આપણી જમીનનો મોટો હિસ્સો પાણીની તંગીનો સામનો કરી રહ્યો છે. અનેક જગ્યાએ પાણીનું સ્તર સતત ઘટી રહ્યું છે. આબોહવા પરિવર્તન આ સંકટને વધુ ગાઢ બનાવી રહ્યું છે.

ભારત પોતાના માટે તેમ જ સમગ્ર વિશ્વ જળની અછતને કારણે ઊભા થયેલા પડકારોનો ઉકેલ શોધી શકે છે. કારણ કે જળના મહત્વને ભારત સૈકાઓથી પીછાણે છે. ભારતની પ્રાચીન જ્ઞાન પરંપરા જળ સંરક્ષણ, પ્રકૃતિ સંરક્ષણને હંમેશા મહત્વ આપતી આવી છે. તેથી જ ભારતની જનતા નદીઓને દેવી ગણી પૂજે છે. ભારતની પ્રજાએ તળાવો અને સરોવરોને મંદિરનો દરજ્જો આપ્યો છે. ગંગા નદી આપણી માતા છે, નર્મદા નદી આપણી માતા છે. ગોદાવરી અને કાવેરી આપણી માતાઓ છે. આમ હજારો વર્ષો પહેલા પણ આપણા પૂર્વજો પાણી અને જળ સંરક્ષણનું મહત્વ જાણતા હતા. પાણી વિના બધું ઉજ્જડ છે. આ વિચારસરણી ધરાવતો દેશ માટે જળ સંકટનો ઉકેલ શોધવામાં વિશ્વમાં મોખરે રહેશે.

ગુજરાતે તે કરી બતાવ્યું છે. અઢી દાયકા પહેલા સુધી સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતની શું હાલત હતી. સરદાર સરોવર ડેમની મદદથી ગુજરાતની જળ સમસ્યા હળવી કરી શકાઈ છે. આજે ગુજરાતમાં કરેલા પ્રયાસોના પરિણામો સમગ્ર વિશ્વની સામે છે. ગુજરાતની સફળતા અને અનુભવો ભારત દેશને જળ સંકટમાંથી મુક્ત કરવાના ગુજરાત અને ભારતના સામર્થ્યમાંના વિશ્વાસને બુલંદ બનાવે છે.

જળસંચય માટેની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને કારણે જ પહેલીવાર અલગ જળશક્તિ મંત્રાલય બનાવ્યું છે. અગાઉ દેશમાં માત્ર 3 કરોડ ઘરોમાં જ પાઈપથી પાણી પુરવઠો હતો. આજે દેશના 15 કરોડથી વધુ ગ્રામીણ ઘરોને પાઈપથી પાણી મળવાનું શરૂ થઈ ગયું છે. જલ જીવન મિશન દ્વારા દેશના 75 ટકાથી વધુ ઘરોમાં સ્વચ્છ નળનું પાણી પહોંચી ગયું છે. જલ-જીવન મિશનની આ જવાબદારી સ્થાનિક જળ સમિતિઓ સંભાળી રહી છે. અને જે રીતે ગુજરાતમાં પાણી સમિતિઓમાં મહિલાઓએ અદભૂત કામ કર્યું હતું તે જ રીતે હવે દેશભરની પાણી સમિતિઓમાં મહિલાઓ કરી રહી છે. આમાં ઓછામાં ઓછી 50 ટકા ભાગીદારી ગામડાની મહિલાઓની છે. તેથી જ લોકભાગીદારીથી જ દરેક જિલ્લામાં અમૃત સરોવર બનાવવાના આયોજન હેઠળ જનભાગીદારીથી દેશમાં 60 હજારથી વધુ અમૃત સરોવરોનું નિર્માણ કરી દેવામાં આવ્યું છે. એ જ રીતે અમે ભૂગર્ભ જળ રિચાર્જ કરવા માટે અટલ ભુજલ યોજના શરૂ કરી. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં 10,000 બોર રિચાર્જ કરવામાં આવ્યા છે. ઉપરાંત 24000 બોરવેલ રિચાર્ચ કરવાની કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે..

> પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આપણે જળશક્તિનું રાષ્ટ્રશક્તિમાં રૂપાંતર કરીશું
>
> સુરત, વલસાડ, ડાંગ, તાપી, નવસારીમાં CSR ફંડનો ઉપયોગ કરીને લગભગ 10 હજાર બોરવેલ રિચાર્જનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, વધુ 24000 બોર રિચાર્જ કરાશે
>
> સપ્ટેમ્બર 2024માં દેશના ખૂણે-ખૂણે જોવા મળેલા મેઘ તાંડવને કારણે સર્જાયેલી સ્થિતિનો તમામ વ્યવસ્થા એટલી મજબૂત કરવામાં આવશે.

આ યોજનના ભાગ રૂપે જ 2021માં વરસાદ પકડો અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આજે શહેરોથી લઈને ગામડાઓ સુધી લોકો મોટી સંખ્યામાં કેચ ધ રેઈનમાં જોડાઈ રહ્યા છે. તેની સાથે જ નદીઓને સ્વચ્છ બનાવવા માટે સક્રિય થયા છે. જળસંચય વધારવા માટે 'એક પેડ મા કે નામ'ની યોજના હેઠળ વૃક્ષારોપણ કરવાની અપીલ કરી છે. વૃક્ષો વાવવામાં આવે છે ત્યારે ભૂગર્ભ જળ સ્તર ઝડપથી વધે છે. તેથી જ માતાના નામ પર દેશમાં કરોડો વૃક્ષો વાવવામાં આવ્યા છે.

જળ સંરક્ષણ માટે પાણીનો પુનઃઉપયોગ, વૉટર રિચાર્જ અને રિસાયકલના મંત્ર પર આગળ વધવાની જરૂર છે. એટલે કે પાણીની બચત ત્યારે થશે જ્યારે આપણે પાણીનો દુરુપયોગ અટકાવીશું અને ઘટાડીશું. જ્યારે આપણે પાણીનો પુનઃઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણે પાણીના સ્ત્રોતને રિચાર્જ કરીએ છીએ અને દૂષિત પાણીને રિસાયકલ કરીએ છીએ. આ માટે આપણે નવી પદ્ધતિઓ અપનાવવી પડશે. આપણે નવીન બનવું પડશે, ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડશે. આપણે બધા જાણીએ છીએ કે આપણી પાણીની 80 ટકા જરૂરિયાતો કૃષિ હેતુઓમાંથી આવે છે.

સરકાર ટકાઉ ખેતીની દિશામાં ટપક સિંચાઈ જેવી તકનીકોનો સતત વધારો કરી રહી છે. પર ડ્રોપ મોર પાક જેવી ઝુંબેશ પણ પાણીની બચત કરી રહી છે અને ઓછા પાણીવાળા વિસ્તારોમાં ખેડૂતોની આવકમાં વધારો કરી રહી છે. સરકાર કઠોળ, તેલીબિયાં અને બાજરી જેવા ઓછા પાણીયુક્ત પાકોની ખેતીને પણ પ્રોત્સાહન આપી રહી છે. કેટલાક રાજ્યો પાણી બચાવવા માટે વૈકલ્પિક પાકો પર ખેડૂતોને પ્રોત્સાહન પણ આપી રહ્યા છે. હું વિનંતી કરું છું કે આ પ્રયાસોને વધુ વેગ આપવા માટે તમામ રાજ્યોએ એક સાથે મિશન મોડમાં કામ કરવું જોઈએ. આપણે ખેતરોની નજીક તળાવો અને રિચાર્જ કુવાઓ બનાવવા જેવી ઘણી નવી તકનીકીઓ સાથે આવા પરંપરાગત જ્ઞાનને પ્રોત્સાહન આપવું પડશે.

સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા, જળ સંરક્ષણમાં સફળતા, વિશાળ જળ અર્થતંત્ર પણ તેની સાથે સંકળાયેલું છે. જલ જીવન મિશનની જેમ લાખો લોકોને રોજગાર અને સ્વરોજગારીની તકો આપી છે. મોટી સંખ્યામાં લોકોને એન્જિનિયર, પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન અને મેનેજર જેવી નોકરીઓ મળી છે. ડબ્લ્યુએચઓનું અનુમાન છે કે દરેક ઘરમાં પાઈપ દ્વારા પાણી પહોંચાડવાથી દેશના લોકો લગભગ 5.5 કરોડ કલાક બચાવશે. આ બાકીનો સમય, ખાસ કરીને આપણી બહેનો અને દીકરીઓનો સમય, પછી દેશની અર્થવ્યવસ્થાને વધારવામાં સીધો ઉપયોગ કરવામાં આવશે. આરોગ્ય પણ જળ અર્થતંત્રનું મહત્વનું પાસું છે જલ જીવન મિશન. દેશમાં પાણીજન્ય રોગથી 1.25 લાખથી વધુ બાળકોના અકાળે મૃત્યુ પામતા અટકાવી શકાશે. અમે દર વર્ષે 4 લાખથી વધુ લોકોને ઝાડા જેવા રોગોથી બચાવી શકીશું. આ રીતે સરકારી હોસ્પિટલ્સમાં બાળકોના આરોગ્ય માટે થતાં ખર્ચમાં પણ ઘટાડો કરી શકાશે. ઉદ્યોગો પણ આ પ્રયાસમાં સહકાર આપી રહ્યા છે. જે ઉદ્યોગોએ ચોખ્ખા શૂન્ય પ્રવાહી ડિસ્ચાર્જ ધોરણો અને પાણીના રિસાયક્લિંગના લક્ષ્યોને પૂર્ણ કર્યા છે તે ઉદ્યોગોએ પણ જળ સંરક્ષણના કામો શરૂ કર્યા હોવાનું કહી શકાય છે.

મોડેલ બાયલોઝ અપનાવી કૃષિ સહકારી મંડળીઓ બેન્ક મિત્ર તરીકે કામગીરી કરી શકશે

પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ મોડેલ બાયલોઝને અપનાવશે તો કૃષિ મંડળીઓ બેન્ક દ્વારા ધિરાણ આપવાની સમગ્ર પ્રક્રિયા માટે લોન પ્રોસેસિંગ કરી આપનાર બેન્ક મિત્ર તરીકેની કામગીરી પણ કરી શકશે. ગુજરાતના 33 જિલ્લાઓમાં સક્રિય 10,300થી વધુ પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ બેન્ક મિત્રની કામગીરી કરીને પોતાને માટે વધારાની આવક પણ જનરેટ કરી શકશે.

ગુજરાતની 10,300 કૃષિ સહકારી મંડળીઓ સાથે 27 લાખથી વધુ સભાસદો જોડાયેલા છે. તેથી જ બહુજન હિતાય ગુજરાત સરકારના સહકાર ખાતાએ મોડેલ બાયલોઝ અપનાવવાની મહત્તાનો ખ્યાલ સહકારી મંડળીઓને મળી રહે તે માટેના પ્રયાસો કર્યા છે. મોડેલ બાયલોઝને સહકારી મંડળીઓ વધુ ને વધુ પ્રમાણમાં અપનાવે તે માટે જિલ્લા રજિસ્ટ્રારની મદદથી વિશિષ્ટ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ તેમના ઉદ્દેશને પાર પાડવાની કામગીર કરી શકે તે માટે જ તમામ મંડળીઓના કોમ્પ્યુટરાઈઝેશન પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. પેક્સ એટલે કે કૃષિ સહકારી મંડળીઓના કોમ્પ્યુટરાઈઝેશનના આયોજનના અમલીકરણના પહેલા તબક્કામાં ગુજરાતની 5754 સહકારી મંડળીઓને આવરી લેવામાં આવી છે. કોમ્પ્યુટરાઈઝેશન માટે થનારા કૂલ ખર્ચમાંથી 60 ટકા ખર્ચ કેન્દ્ર સરકાર અને 40 ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

આ કોમ્પ્યુટર સિસ્ટમને સક્રિય કરવા માટે સરકાર તરફથી તમામ કૃષિ સહકારી સંસ્થાઓને એક સમાન સોફ્ટવેર પણ આપવામાં આવશે. આ સોફ્ટવેર માટે સરકાર તરફથી કોઈ જ ચાર્જ લેવામાં આવશે નહિ. તેની સાથે સાથે જ સહકારી મંડળીઓને કોમ્પ્યુટર, મલ્ટીફંક્શનલ પ્રિન્ટર, વેબ કેમેરા, યુપીએસ, બાયોમેટ્રિક્સ સ્કેનર પણ પૂરા પાડવામાં આવશે.

કૃષિ ઉપજનો બગાડ અટકાવવા માટે તેનો સંચય પણ એટલો જ જરૂરી છે. તેથી જ ગુજરાત સરકાર ગોદામ બનાવનારા ખેડૂતો અને ખેડૂતોના સમુહને સબસિડી આપવાની યોજનાને લઈને પણ આવી છે. આ યોજનાનો મહત્તમ લાભ વ્યક્તિગત ખેડૂતો અને પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ પણ લઈ શકે છે.

કોઓપરેશન એમોન્ગ્સ્ટ કોઓપરેટીવ્સની ઝુંબેશને સઘન બનાવવા પણ સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા સતત સક્રિય છે. તેમનું કહેવું છે કે ગુજરાત સરકારે તમામ જિલ્લાઓમાં 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર'ની પહેલ કરવામાં આવી રહી છે.

ગુજરાત સરકારે રાજ્યના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ તરીકે 'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ લાગુ કરી હતી. આ પહેલને જબરદસ્ત સફળતા મળી છે. તેથી ગુજરાતના તમામ જિલ્લાઓમાં લાગુ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. નવી પહેલના સફળ પ્રયોગને કારણે બનાસકાંઠા અને પંચમહાલની જિલ્લા સહકારી બેંકોમાં સહકારી મંડળીઓ અને તેમના સક્રિય સભ્યો દ્વારા 4 લાખથી વધુ નવા ખાતા ખોલવામાં આવ્યા છે. તેમ જ તેને પરિણામે સહકારી બેંકોની થાપણોમાં ₹966 કરોડનો વધારો થયો છે. આ આયોજનના અમલીકરણથી ગુજરાતની સહકારી સંસ્થાઓની સ્થિતિ સંગીન બનશે. મજબૂત સહકારી ક્ષેત્ર વિકસિત ગુજરાતના પાયામાં મજબૂત આધારસ્તંભ સાબિત થઈ શકે છે.

કોઓપરેશન એમોન્ગ્સ્ટ કોઓપરેટીવ્સની આ પહેલનો ઉદ્દેશ ગુજરાતની હજારો સહકારી મંડળીઓના બેંક ખાતાઓ અને થાપણોને જિલ્લા અને રાજ્ય સહકારી બેંકોના નેજા હેઠળ કેન્દ્રીયકરણ કરીને તેમની વચ્ચે સહકાર વધારવાનો છે. આમાં, વિવિધ કોમર્શિયલ બેંકોમાં કાર્યરત સહકારી સંસ્થાઓ અને તેમના સભ્યોના વર્તમાન બેંક ખાતાઓને એકીકૃત કરવામાં આવ્યા છે અને કેન્દ્રીયકૃત જિલ્લા સહકારી બેંક/રાજ્ય સહકારી બેંક હેઠળ લાવવામાં આવ્યા છે. કેન્દ્રીયકૃત બેંક હેઠળ સહકારી સંસ્થાઓની સામૂહિક મૂડીને એકીકૃત કરવાના ઘણા મહત્વપૂર્ણ પરિણામો જોવા મળ્યા છે. ઉદાહરણ તરીકે, કેન્દ્રીયકૃત સહકારી બેંકની થાપણોમાં નોંધપાત્ર વધારો થયો છે, સહકારી મંડળીઓમાં નાણાકીય પ્રવાહીતા વધી છે, જેના કારણે લોન સંબંધિત જરૂરિયાતો અને માંગણીઓ હવે સરળતાથી પૂરી થઈ શકે છે. આ ઉપરાંત, આ પહેલ હવે સુનિશ્ચિત કરશે કે સહકારી સંસ્થાઓની સામૂહિક મૂડીનો ઉપયોગ અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા પણ કરી શકાય.

કોઓપરેશન એમોન્ગ્સ્ટ કોઓપરેટીવ્સની પહેલના અમલીકરણ પછી જિલ્લા સહકારી બેંકો ગ્રામ્ય સ્તરે તેમની સેવાઓનું વિસ્તરણ કરી શકશે અને એ સુનિશ્ચિત કરી શકશે કે ગુજરાતની સહકારી સંસ્થાઓની મૂડી સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા સભ્યો અને અન્ય સહકારી સંસ્થાઓને નાણાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં ઉપયોગી બનશે.

ગુજરાતની હજારો સહકારી મંડળીઓના બેંક ખાતાઓ અને થાપણોને જિલ્લા અને રાજ્ય સહકારી બેંકોના નેજા હેઠળ કેન્દ્રીયકરણ કરીને તેમની વચ્ચે સહકાર વધારવાનો અને સહકારી માળખાને વધુ સંગીન બનાવવાનો છે

Happy Birthday to you

ગુજરાતના સહકાર મંત્રી જગદીશ ઇશ્વરભાઈ વિશ્વકર્મા-પંચાલને તેમના એકાવનમાં જન્મદિન નિમિત્તે ખેતી બેન્કના ચેરમેન ડૉલર કોટેચા, જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર વી.એમ.ચૌધરી, એચ.પી. ગણાત્રા અને તેમની બેન્કના સહકર્મચારીઓ તેમના 51માં જન્મદિન નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. વન પ્રવેશ કરીને અનુભવનું બહોળું ભાથું એકત્રિત કરનાર જગદીશ પંચાલ ગુજરાતના સહકારી ક્ષેત્રને ઉન્નતિના નવા શિખરે પહોંચાડશે તેવી આશા અને અપેક્ષા સાથે તેમને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી.



ખેતી બેન્કમાં ગણેશોત્સવની રંગેચંગે ઉજવણી, રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ સહભાગી થયા

છેલ્લા થોડા વર્ષોથી ખેતી બેન્કના પ્રાંગણમાં ધૂમધામથી ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષે પણ ખેતી બેન્કના સર્વે કર્મચારીઓએ હર્ષોલ્લાસ સાથે બેન્કના પ્રાંગણમાં વિઘ્નહર્તા ગણેશજીને વધાવી લીધા હતા અને વિધિવત રીતે ગણેશજીનું પૂજન અર્ચન કર્યું હતું અને સૌએ બેન્કની પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. ખેતી બેન્કના ગણેશ મહોત્સવમાં ગુજરાતના ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવી પણ સહભાગી થયા હતા. તેમણે ગણેશ મહોત્સવમાં દર્શન અને આરતી કર્યા હતા. તેમની સાથે બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા અને સહકાર ક્ષેત્રના અનેક આગેવાનો પણ ગણેશ આરતીમાં જોડાયા હતા. ગણેશ ઉત્સવ નિમિત્તે ખેતી બેન્ક દ્વારા ભવ્ય આતશબાજીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

ખેતી બેન્ક પરિવારે વિઘ્નહર્તાને આપી ભાવભીની વિદાય

ખેતી બેન્કના પ્રાંગણમાં ધામધૂમથી સુખકર્તા-દુખહર્તા ગણેશજીને વધાવ્યા પછી સાતમા દિવસે વિઘ્નહર્તાને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. ગણેશ વિસર્જનના પ્રસંગમાં મોટી સંખ્યામાં ખેતી બેન્કના કર્મચારીઓ જોડાયા હતા. ગણપતિ દાદાને વિદાય આપતા પૂર્વે કર્મચારીઓએ ખેતી બેન્કના પ્રાંગણમાં ગરબાની રમઝટ જમાવી હતી. ગણેશજીના વિસર્જન સાથે આવતા વર્ષે વહેલા પાછા પધારવા માટે સૌએ વિઘ્નહર્તાને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી હતી.

મગફળી-તલના ખરીફ પાકમાં કેટલું રાસાયણિક ખાતર નાખશો

ભારતે હવે 150 કરોડની વસતિની ભૂખ પૂરી કરવાની નોબત આવશે. આ સ્થિતિમાં કૃષિ ઉપજમાં વધારો થવો જરૂરી છે. ઉપજ વધારવા પાકમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશના વપરાશનું પ્રમાણ ૪ જેમ ૨ જેમ ૧ હોવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો 4 કિલો નાઈટ્રોજન નાખો તો બે કિલો ફસ્ફરસ અને એક કિલો પોટાશ નાખવું પડે છે. આજે તેનો વપરાશ વધ્યો છે. આ પ્રમાણ ૭ જેમ, 2 જેમ ૧નું થયું છે. તેનુંય કારણ છે. ફોસ્ફરયુક્ત તથા પોટાશયુક્ત ખાતરોમાં સબસિડી ન હોવાથી તેના ઊંચા ભાવને કારણે તેનો

ચોમાસુ મગફળીને હેકટર દીઠ 10 ટન ગળતીયું એટલે કે છાણિયું ખાતર ઉપરાંત એક ટન દિવેલી ખોળ આપવો જોઈએ.

વપરાશ ઘટયો છે, જયારે નાઈટ્રોજનયુક્ત ખાતરોનો વપરાશ વધ્યો છે. પાક ઉત્પાદનમાં ખાતરનો ફાળો ૪૦ ટકા છે. ખેતીમાં કુલ ખર્ચના ૬ થી ૧૬ ટકા ખર્ચ ખાતર પાછળ થાય છે. ખાતરો જમીનમાં નાખ્યા પછી પાક તેનો ફક્ત ૩૪ થી ૫૮ ટકા નાઈટ્રોજન અને ૧૭ થી ૨૦ ટકા ફોસ્ફરસનો જ ઉપયોગ કરી શકે છે. બાકીના તત્વો હવામાં ઉડી જાય છે, ધોવાઈ જાય છે, નિતરીને જમીનમાં નીચેના થરોમાં ઉતરી જાય છે, છોડના વૃદ્ધિ અને વિકાસ માટે પ્રકાશસંશ્લેષણની ક્રિયા અનિવાર્ય છે, જે માટે હવા, પાણી, પ્રકાશ અને પોષક તત્વો જરૂરી છે. પાકને તેનો જીવનક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે કુલ ૧૭ પોષક તત્વોની જરૂર પડે છે જે પૈકી કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજન હવા અને પાણીમાંથી મળી રહે છે.

કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ગંધકને ગૌણ પોષક તત્વો ગણવામાં આવે છે. પાકને મુખ્ય તત્વો આપવાની સાથે આ તત્વો પણ આપોઆપ જમીનમાં ઉમેરાઈ જાય છે. દા.ત. એમોનિયમ સલ્ફટ આપવાથી નાઈટ્રોજનની સાથે ગંધક પણ ઉમેરાય છે. એ જ પ્રમાણે કેલ્શિયમ એમોનિયમ સલ્ફટમાં નાઈટ્રોજન ઉપરાંત કેલ્શિયમ અને ગંધક રહેલાં છે. આ સિવાય લોહ, જસત, મેંગેનીઝ, તાંબુ, બોરોન, મોલિબ્ડેનમ, ક્લોરીન અને નિકલને સૂક્ષ્મ તત્વો કહેવામાં આવે છે, કારણ કે પાક ઉત્પાદનમાં આ તત્વોની ખૂબ જ ઓછી માત્રામાં જરૂર પડે છે. આ આવશ્યક પોષક તત્વોની પરિપૂર્તિ ત્રણ સ્રોતો દ્વારા થઈ શકે છે.

એક હેક્ટર જમીનમાં મગફળીનો પાક લેવો હોય તો પાંચથી દસ ટન છાણિયું ખાતર નાખવું જોઈએ. મગફળીના બીજના રાઈઝોબિયમ અને ફોસ્ફેટ કલ્ચરનો પટ આપવો જોઈએ. રાસાયણિક ખાતર સાથે 500 કિલો દિવેલીનો ખોળ ઉમેરીને આપવો જોઈએ. તેમ જ ફોસ્ફરસ સિંગલ સુપર ફોસ્ફેટના સ્વરૂપમાં આપવું જોઈએ. સોઈલ ટેસ્ટ કરાવ્યા પછી જમીનના પોષક દ્રવ્યોના સ્વરૂપમાં પોટાશ, ગંધક અને અન્ય તત્વો આપવા જોઈએ. તેમાં 500 કિલોગ્રામ જિપ્સમ પણ આપી શકાય છે. મગફળીના ફૂલ બેસે ત્યારે 10 લિટર પાણીમાં 100 ગ્રામ હીરાકસી નાખીને તથા 10 ગ્રામ લીંબુંના ફૂલ ઓગાળીને મગફળીના પાક પર તેનો છંટકાવ કરોવો જોઈએ. ચોમાસુ મગફળીને હેકટર દીઠ 10 ટન ગળતીયું એટલે કે છાણિયું ખાતર ઉપરાંત એક ટન દિવેલી ખોળ આપવો જોઈએ. રાસાયણિક ખાતર

પાકની ઉપજ વધારવા ફોસ્ફરયુક્ત તથા પોટાશયુક્ત ખાતરોમાં સબસિડી ન હોવાથી તેના ઊંચા ભાવને કારણે તેનો વપરાશ ઘટયો છે, જયારે નાઈટ્રોજનયુક્ત ખાતરોનો વપરાશ વધ્યો છે.

હેકટર દીઠ 12.5 કિ.ગ્રા. નાઈટ્રોજન અને 25 કિ.ગ્રા. ફોસ્ફોરસ વાવતા પહેલાં ચાસમાં ઓરીને આપવાં. જો ગંધક તત્વની ઉણપ હોય તો હેકટર દીઠ 20 કિ.ગ્રા. સલ્ફર આપવું. મધ્ય ગુજરાતની જમીનમાં મુખ્યત્વે લોહ અથવા જસતની ઉણપ જોવા મળે છે. જસતની ઉણપ માટે ઝિંક સલ્ફેટ 8 થી 10 થી 20 કિ.ગ્રા. પ્રતિ હેકટર મુજબ પાયાના ખાતર તરીકે જમીનની તૈયારી સમયે આપવું. ખરેખર તો જમીનના નમૂનાનું જમીન ચકાસણી પ્રયોગશાળામાં પૃથ્થકરણ કરાવવું અને તેના આધારે કરેલ ભલામણ મુજબ ખાતરો આપવા વધુ હિતાવહ છે.

તલની ખેતી કરવા માટે એક હેક્ટર જમીનમાં પાંચ ટન છાણિયું ખાતર નાખવું જોઈએ. તલના બીજના એજોટોબેક્ટર અને ફોટ કલ્ચરનો પટ આપવો જોઈએ. જમીનની ફળદ્રુપતાનો ટેસ્ટ કરાવ્યા પછી જરૂરિયાત પ્રમાણે તેમાં પોટાશ, ગંધક અને અન્ય ઘટકોનો ક્યાસ કાઢીને પછી તેમાં તે તત્વો ઉમેરવા જોઈએ. ઉનાળુ તલ માટે જમીન તૈયાર કરતી વખતે પ્રતિ હેકટર(૬.૨૫ વીઘા) ૧૦ ટન છાણીયુ ખાતર જમીનમાં ભેળવી દેવું. આ ઉપરાંત પાયાના ખાતર તરીકે ૨૫ કિલો નાઈટ્રોજન, ૨૫ કિલો ફોસ્ફરસ અને ૪૦ કિલો પોટાશ(૫૪ કિલો ડી.એ.પી , ૭૬ કિલો એમોનીયમ સલ્ફેટ અને ૬૭ કિલો મ્યુરેટ ઓફ પોટાશ) વાવણી વખતે જમીનમાં ઓરીને આપવું. વાવણી પછી ૩૦ થી ૪૫ દિવસે પીયત આપ્યા બાદ જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે ૨૫ કિલો નાઈટ્રોજન (૫૪ કિલો યુરીયા) બે હપ્તામાં પુરતી ખાતર તરીકે આપવુ. જમીનમાં પૃથ્થકરણ મુજબ ગંધક તત્વની ઉણપ જણાય તો ભલામણ મુજબ જીપ્સમ અન્ય ખાતર સાથે આપવું જોઈએ.

વાંસમાંથી ટપક સિંચાઇ માટેની સિસ્ટમ તૈયાર કરો

પાણીના દરેક ટીપાંનો ઉપયોગ થાય અને પાણીની બચત થાય તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સતત પ્રયાસ કરી રહ્યા છે. ખેતીમાં પણ ડાંગરનો પાક ઓછા પાણીએ લઈ શકાય તેવા બિયારણની તલાશ કરવામાં આવી રહી છે. તેથી જ ડાંગર સિવાયના પાક ટપક સિંચાઈની સિસ્ટમનો ઉપયોગ કરીને લેવામાં આવે તેવો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. ટપક સિંચાઈની કીટ મોંઘી છે. તેમાં પ્લાસ્ટિકના પાઈપ્સ વપરાય છે. વીજળીથી ચાલતો પમ્પ પણ વપરાય છે. તેમ જ તેની વૉટર ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમમાંથી દરેક છોડના મૂળ સુધી પાણી પહોંચવું પણ જરૂરી છે. તેનાથી પાણીની બચત થાય છે. તેમ જ વાંસમાંથી બનાવેલી ટપક સિંચાઈની લાઈનની લાઈફ વધારે હોય છે. પ્લાસ્ટિકની પાઈપ્સ તૂટી જવાની કે દબાણ આવતા કચડાઈ જવાની શક્યતા રહેલી છે. વાંસની પાઈપમાં આ શક્યતા સીમિત થઈ જાય છે. પરિણામે ખેડૂતો વાંસને અજમાવી શકે છે. તેમ કરીને તેઓ ટપકસિંચાઈની સિસ્ટમને ફરી આપણી સૈકાઓ જૂની સિસ્ટમમાં લાવી શકે છે.

ટપક સિંચાઈ એ આજની શોધ નથી. બસો વર્ષ પહેલા ભારતીય ખેડૂતોએ વાંસના પાઈપની મદદથી ટપક સિંચાઈની સિસ્ટમ ડેવલપ કરેલી છે. મેઘાલયમાં ખેડૂતો વહેળા કે ઝરણાંમાંથી પાણી ખેતર સુધી પહોંચાડવા માટે વાંસની પાઈપનો ઉપયોગ કરતાં

વાંસમાંથી બનાવેલી ટપક સિંચાઈની સિસ્ટમ પ્લાસ્ટિકના પાઈપમાંથી બનાવેલી સિસ્ટમ કરતાં વધુ સંગીન અને મજબૂત કે ટકાઉ બનશે

ખેતરના શેઢા પર વાંસની ખેતી કરીને બે ચાર વરસે તેમાંથી ટપક સિંચાઈના પાઈપ બનાવીને સૂકા વિસ્તારોમાં તેનો ઉપયોગ કરી શકાય છે

ટપક સિંચાઈની સિસ્ટમને નિલગાયના ઘણના ખેતર પ્રવેશથી નુકસાન ન થાય તે માટે ખેતરની ફરતે તારની વાડ બનાવવી જરૂરી છે.

પ્લાસ્ટિકની પાઈપને હળ, કોદાળી કે પછી ટ્રેક્ટરને કારણે નુકસાન થવાની વધારે સંભાવના, વાંસની પાઈપલાઈનને નુકસાન થવાની શક્યતા પ્રમાણમાં ઓછી.

નાના ખેડૂતોને ટપક સિંચાઈની આધુનિક સિસ્ટમ માટે ખર્ચ કરવો ન પરવડતો હોય તો તેઓ આછા ખર્ચે વાંસમાંથી બનાવી શકાતી ટપક સિંચાઈની સિસ્ટમનો આશરો લઈ શકે છે.

એક જ જમીન પર મલ્ટીપલ ક્રોપ લેવાની પદ્ધતિને દુનિયાભરમાં સ્વીકૃતી મળી રહી છે ત્યારે વાંસમાંથી બનાવેલી ટપક સિંચાઈની સિસ્ટમ સાથે વધારાનો વેલાનો પાક લઈ શકે છે.

હતા. તેઓ ગુરુત્વાકર્ષણ આધારિત સિંચાઈ સિસ્ટમ તૈયાર કરતાં હતા. આ સિસ્ટમમાં મિનિટના 18થી 20 લિટર પાણી ટપક સિંચાઈ સિસ્ટમમાં પ્રવેશે છે અને છેડાં સુધી પહોંચે એટલે કે છોડના મૂળ સુધી પોહંચે તો મિનિટના 20થી 80 ટીપાં જ પાણી નીકળે તેવી વ્યવસ્થા કરવામાં આવતી હતી. આજે પણ આધુનિક સાધનોની મદદથી આ શક્ય જ છે. નાના અને અતિશય નાના છિદ્રો કરીને વાંસમાંથી સંગીન ટપક સિંચાઈની સિસ્ટમ ઊભી કરી શકે છે. વાંસ જુદાં જુદાં વ્યાસ અને પરિઘના હોય છે. તેની મદદથી વાંસની ટપકસિંચાઈની ચેનલની પાઈપલાઈન તૈયાર કરી શકાય છે. પાણીને ડાયવર્ટ કરવાની સિસ્ટમ તૈયાર કરી શકાય છે. આ સિસ્ટમ એટલી ચોકસાઈથી તૈયાર કરી શકાય છે કે તેમાં પાણીનો બગાડ નજીવો જ થાય છે. ગુજરાતના સાબરકાંઠાના પર્વતીય વિસ્તારમાં આ સિસ્ટમ બેસાડી શકાય છે. ખડકાળ પર્વતીય વિસ્તારમાં અમુક અંતરે સપાટ જમીન આવે ત્યાં ટપક સિંચાઈની મદદથી ખેતી કરી શકાય છે. થોડું વધારે મગજ કસીને સિસ્ટમ તૈયાર કરવામાં આવે તો ખેતરમાં બેસાડવામાં આવતી નોર્મલ ટપક સિંચાઈની સિસ્ટમના વિકલ્પે ઉત્તર ગુજરાતના સૂકા વિસ્તારોમાં પણ તે બેસાડીને તેની મદદથી સારી ખેતી કરી શકાય છે. આ સિસ્ટમ સાવ નિષ્ફળ જવાની શક્યતા ઓછી છે.

ટપક સિંચાઈ સિસ્ટમની ડિઝાઈન પાણીના મૂળ સ્રોત પ્રમાણે કરો

ટપક સિંચાઈ માટે પાણી ક્યાંથી ખેંચવાનું છે તેને આધારે ટપક સિંચાઈની વાંસમાંથી બનતી સિસ્ટમની ડિઝાઈન તૈયાર કરી શકાય છે. ડુંગરાળ વિસ્તારમાં સામાન્ય રીતે ડુંગર પરથી વહેતા ઝરણાંમાંથી પાણી ખેંચવામાં આવે છે. ગુરુત્વાકર્ષણના બળને કારણે આ પાણી ખેતરમાં છોડના મૂળ સુધી સરળતાથી પહોંચી શકે છે. આમ પાણીનો સ્રોત ખેતરની સપાટીથી ઉપરની સપાટીએ હોય તો તે સરળતાથી કામ કરે છે. પાણીના મૂળ સ્રોતથી ખેતર સુધીની વાંસની પાઈપ અલગથી બનાવવી પડશે. પાણીનો સ્રોત ઉપરની સપાટીએ હોવાથી પાણીને નીચલી સપાટીએ આવેલા ખેતર સુધી ખેંચી લાવવા માટે અન્ય કોઈ ઉપકરણની જરૂર પડતી નથી. ટપક સિંચાઈ સિસ્ટમમાં પાણી અંદર મોકલવા માટેના પાઈપ મોટા છિદ્રવાળા હોવા જરૂરી છે. ખેતરની ઉપર હવામાં સાતેક ફૂટની હાઈટના

વાંસમાંથી ટપક સિંચાઈની સિસ્ટમ કઈ રીતે તૈયાર કરવી

વાંસમાંથી ટપક સિંચાઈની સિસ્ટમ બનાવવા માટે પહેલા ટેકા માટેના અને પાઈપલાઈન તરીકે વાપરવા માટેના વાંસ હોવા જોરૂરી છે. આ વાંસ નાની મોટી ગોળાઈ ધરાવતા હોવો જરૂરી છે. તેમ જ થાંભલા તરીકે ઉપયોગ કરી શકાય તેવા બાંબુ કે વાંસ પણ હોવા જરૂરી છે. નાના કદના વાંસનો ઉપયોગ પાણીને જુદી જુદી દિશામાં વાળવા માટેની ચેનલ તરીકે ઉપયોગ કરી શકાય છે. વાંસને જુદા જુદાં આકાર આપવા માટેની ખાસ પ્રકારની કુહાડી પણ હોવી જરૂરી છે. તેમ જ બાંબુ કે વાંસમાંથી પટ્ટી પાડી શકાય તેવા ઓજાર પણ હોવા જરૂરી છે. વાંસની પાતળી પટ્ટીઓ બનાવવી જરૂરી છે. તેની મદદથી એક ચેનલને બીજી ચેનલ સાથે જોડી શકાય છે. હા, કૃષિ ક્ષેત્રના જાણકાર કનુભાઈ પટેલ કહે છે તેમ એક ચેનલને બીજી ચેનલ સાથે જોડવા માટેના જોઈન્ટ્સ પ્લાસ્ટિકના વાપરી શકાય છે. આ જોઈન્ટ્સ પણ વાંસમાંથી જ બનાવી શકાય છે. કદાચ તેમાં થોડું વધારે લીકેજ આવી શકે છે. જોકે લીકેજનો આધાર વાંસમાંથી સિંચાઈ સિસ્ટમ બનાવનાર કારીગરની કુશળતા પર પણ નિર્ભર કરે છે. વાંસને યોગ્ય આકાર આપવા માટે તેને છોલી શકાય તે માટે ફરસી જેવું છોલણિયું પણ હોવું જરૂરી છે. બે મજૂરની મદદથી અને એક કારીગરની મદદથી પંદર જ દિવસમાં એક હેક્ટર જમીન માટે ટપક સિંચાઈની વાંસમાંથી બનાવેલી સિસ્ટમ તૈયાર કરીને લગાડી શકાય છે.

વાંસમાંથી ટપક સિંચાઈની સિસ્ટમ બનાવવા માટેનો સાદો નિયમ છે. આરંભમાં મોટા છિદ્ર પાડવાના રહે છે. જેમ જેમ તે વાંસની પાઈપ છોડના મૂળ સુધી પહોંચે તેમ તેમ તેના છિદ્ર નાના થતાં જાય છે. તેમ કરવાથી સતત પ્રવાહના સ્વરૂપમાં નહિ, પરંતુ ટીપે ટીપે છોડના મૂળને પાણી મળશે. ટપક સિંચાઈ માટે પોતાનું બનાવેલું તળાવ કે ખેતતલાવડી હોય તો તેમાં પોષક ઘટકો ઉમેરીને તેના માધ્યમથી છોડના મૂળ સુધી પહોંચાડીને છોડને પોષણ મળે તેવા દ્રવ્યો પહોંચાડી શકાય છે. આ સિસ્ટમ તૈયાર કરવા માટે વિશેષ કુશળતા જરૂરી છે. તેમ કરીને પાણીને કોઈપણ મશીન વિના જ કંટ્રોલ કરી શકાય છે. હા, પાણીને પાઈપમાં નાખવા માટે કુદરતી ઢોળાવ ન હોય તો તેવા સંજોગોમાં પમ્પનો ઉપયોગ કરી શકાય છે. તેમાં કુદરતી ખાતરના દ્રવ્યો ઉમેરીને પહોંચતા કરવામાં કદાચ છિદ્રો પૂરાઈ જવાની સંભાવના રહેલી છે. હા, ગાયના ગોબરની પ્યોરીનું તત્વ આપી શકાય છે. પ્યોરીનો ઘન હિસ્સો નીચે બેસી ગયા પછી ઉપરનું પોષક ઘટકો ધરાવતું પ્રવાહી વાંસમાંથી બનાવેલી ટપક સિંચાઈની સિસ્ટમના માધ્યમથી છોડના મૂળ સુધી પહોંચાડી શકાય છે. જોકે સરળ રસ્તો પ્યોરીને મજૂરની મદદથી કે ખેડૂત પોતે તેના ખેતરમાં છાંટી દે તે વધારે સારુ સાબિત થશે.



વાંસમાંથી તૈયાર કરેલી ટપક સિંચાઈ સિસ્ટમ ખરેખર લાભદાયી

વાંસમાંથી તૈયાર કરેલી ટપક સિંચાઈ સિસ્ટમને કારણે છોડની જરૂરિયાત પ્રમાણે જ છોડને મળતું હોવાથી બાકીના પાણીનું વરાળમાં રૂપાંતર થવાનું ઓછું થઈ જાય છે. તેમ જ પાણી ગમે ત્યાં વહી જવાની સમસ્યા પણ હળવી થઈ જાય છે. આમ ઓછા પાણીએ વધુ સારી ખેતી થઈ શકે છે. આ રીતે per drop, more cropના સિદ્ધાંતને પણ સાકાર કરી શકાશે. ગુજરાતના અરવલ્લીના પર્વતીય વિસ્તારમાં કે પછી ઉત્તર ગુજરાતના સપાટ વિસ્તારની જમીન પર બોર સાથે જોડીને આ સિસ્ટમનો ઉપયોગ કરી શકાય છે. ઢોળાવવાળી જમીનમાં પાણીને જાળવી રાખવાની ક્ષમતા ઓછી હોવાથી ટપક સિંચાઈની સિસ્ટમ તેને માટે બહુ જ લાભદાયી બની શકે છે. તેનાથી પાકની ઉપજમાં પણ વધારો થાય છે. ઢોળાવવાળા વિસ્તારમાં તેને માટે કોઈ જ મશીનની જરૂર પડતી નથી. પરંત સપાટ મેદાની વિસ્તારમાં પાઈપલાઈનમાં પાણી ધકેલવા માટે પમ્પનો ઉપયોગ કરવો પડી શકે છે. માત્ર પમ્પથી પાણી તેમાં ધકેલવા માટે જ પમ્પની જરૂર પડે છે. ત્યારબાદ સિસ્ટમમાં પાણી ફરતું રહીને છોડની જરૂરિયાત પ્રમાણે છોડના મૂળ સુધી પહોંચતું રહેશે. આમ વાંસમાંથી બનેલી ટપક સિંચાઈની સિસ્ટમની સતત દેખરેખ રાખવાની જફા પણ કરવી પડતી નથી.

માચડાંના સ્વરૂપમાં વાંસમાંથી ટપક સિંચાઈની સિસ્ટમ તૈયાર કરવી હોય તો તેવા સંજોગોમાં વાંસમાંથી કે પછી લાકડાંથી ઊભા સ્તંભ બનાવી શકાય છે. સાતેક ફૂટની હાઈટ હોય તો તેવા સંજોગોમાં ખેડૂત ખેતરમાં સરળતાથી હરફર કરી શકશે. આ ઊભા સ્તંભની ટોચ પર અંગ્રેજીના વાય આકાર બનાવવો જરૂરી છે. આ પ્રકારના વાંસ ટપક સિંચાઈની લંબાઈ અને પહોળાઈના પ્રમાણમાં ચારથી પાંચ ફૂડના અંતરે નાખી શકાય તેટલી સંખ્યામાં બનાવવા જરૂરી છે. આમ ચોરસ કે લંબચોરસ આકારમાં અંગ્રેજી અક્ષર વાયના આકારના થાંભલાઓ ઊભા કરીને પછી તેના પર પહેલા મોટા છિદ્રવાળા વાંસમાં પાણીને સતત ફરતું રાખી શકાય છે. ત્યારબાદ ઉપરથી છોડના મૂળ તરફ પાણી ટીપે ટીપે મોકલવા માટે નાના નાના થતાં જતાં છિદ્રો વાળા વાંસ લગાડતા જવાના હોય છે. તેમ જ મૂળ પાણીના સ્રોતમાંથી છોડ સુધી પાણી પહોંચે તે વખતે માત્ર ટીપાંના સ્વરૂપમાં પહોંચે તે રીતે છોડના મૂળ સુધી વાંસ ગોઠવવાના રહે છે. સાતેક ફૂટની ઊંચાઈએ ટપક સિંચાઈની સિસ્ટમ હોવાથી નાના છિદ્રોવાળા વાંસ ઊભા લગાડીને દરેક છોડના મૂળ સુધી પહોંચાડી શકાશે. હા, આ વાંસ તમારા પોતાના ખેતરના શેઢે ઉગાડેલા હશે તો તેને માટે ખર્ચ કરવો પડશે નહિ. પરંતુ તેમાંથી સિસ્ટમ તૈયાર કરવા માટે કારીગરને કિંમત ચૂકવવી પડશે. કારીગર સાથેના મજૂરોને પંદર દિવસની મજૂરી ચૂકવવી પડશે. આ સિસ્ટમને જમીન પર પણ બિછાવી શકાય છે. હા તેને માટે તેમણે સાતેક ફૂટના ઊભા થાંભલાને બદલે ત્રણથી છ ઈંચના ઊભા થાંભલા બનાવીને તેના પર સિંચાઈ સિસ્ટમ બેસાડવી પડશે. મોટા છિદ્રવાળા વાંસના પાઈપમાં મિનિટના અઢારથી વીસ લિટર પાણી જાય અને છોડના મૂળ સુધી મિનિટે 40થી 80 ટીપાં પહોંચે તે રીતે જ સિસ્ટમ તૈયાર કરવાની રહેશે. ટપક સિંચાઈ માટેની આ સિસ્ટમ તૈયાર કરતાં પહેલા પંદર દિવસ જરૂર લાગી જશે. પરંતુ ત્યારબાદ તેની જાળવણીનો કોઈ ખર્ચ કરવો પડશે નહિ. પ્લાસ્ટિકના પાઈપમાંથી બનાવવામાં આવતી ટપક સિંચાઈની સિસ્ટમના ટકાઉપણા કરતાં વાંસની સિસ્ટમ વધુ ટકે છે. તેની જાળવણી માટે કોઈ જ ખર્ચ કરવો પડતો નથી. ખેતરના શેઢા પર કે પછી ખેતી માટે ન વપરાતી જમીન પર વાંસ ઉગાડી લેનારા ખેડૂતોએ વાંસનો પણ ખર્ચ કરવો પડતો નથી. આ સિસ્ટમ વરસોના વરસ કામ આપે તેવી છે. તેના બગડવાની સમસ્યા પ્લાસ્ટિકના પાઈપવાળી સિસ્ટમ કરતાં ઘણી જ ઓછી છે.

કુદરતી જળસ્રોત સૂકાઈ જાય તો સિસ્ટમ બંધ થાય

વાંસમાંથી બનાવેલી અને ઉપરની સપાટી પર આવેલા જળાશયમાંથી પાણી કુદરતી ઢાળનો લાભ ઊઠાવીને ખેતરમાં લાવવાની સિસ્ટમમાં કુદરતી જળસ્રોત સૂકાઈ જાય તો તે અર્થહીન બની જાયે છે. કોઈક વરસ તે સિસ્ટમ જરાય કામ ન આપે તેવું બની શકે છે. વાંસમાંથી બનાવેલી ટપક સિંચાઈની સિસ્ટમનો આ મોટામાં મોટો ગેરલાભ છે. જે તે વિસ્તારમાં વરસાદ પડવાનું અને જળાશયમાં પાણી એકત્રિત થવાનું પ્રમાણ કુદરતને આધીન છે. દુષ્કાળ કે ઓછા વરસાદના વર્ષમાં આ સિસ્ટમ કામ ન આપે તેવી સંભાવના રહેલી છે.

બીજું, આબોહવા એટલે કે ચોમાસા, શિયાળા અને ઊનાળાના વાતાવરણની બાંબુ કે વાંસ પર પડતી અસરને કારણે તે ખરાબ થઈ શકે છે. હા, ખરાબ થવાનો ગાળો લાંબો હોય છે. પરંતુ પ્લાસ્ટિકના પાઈપમાંથી બનાવેલી પાઈપલાઈનની મજબતૂ કરતાં વાંસની પાઈપલાઈનની મજબૂતી ઘણી વધારે હોય છે. પરંતુ વાંસને જીવાત લાગી જવાની શક્યતા રહેલી છે. હા, નિલગાય જેવા પ્રાણી ખેતરમાં ફરી વળે તો તેને કારણે સમગ્ર સિસ્ટમને ડેમેજ થવાની શક્યતા રહેલી છે. તેનાથી સમગ્ર સિસ્ટમના જોડાણ હચમચી જવાના કે તેને નુકસાન થવાની સંભાવના રહેલી છે. સિસ્ટમમાંથી પાણ લીક થઈને એક જગ્યાએ જમા થઈ જવાની સંભાવના રહેલી છે. આમ નિલગાયથી રક્ષણ મળે તે માટે તારની વાડ બનાવવી જરૂરી છે. નાના ખેડૂતોને ટપક સિંચાઈ માટે સરકારે ભલામણ કરેલી સિસ્ટમ માટે ખર્ચ કરવાનો ન પરવડતો હોય તેમને માટે આ સિસ્ટમ લાભદાયી સાબિત થઈ શકે છે.

ખેતરમાં પાક વધારવા પોષક પંચગવ્ય ખેડૂતો પોતે બનાવે

એલોપથીની દવા જ્યાં પાછળ રહી જાય છે ત્યાં આયુર્વેદ કાઢું કાઢી રહ્યું છે. પંચગવ્ય આયુર્વેદની આવી જ એક દેન છે. હા, કેન્સર જેવા રોગમાં પણ માનવને એક અભેદ્ય દિવાલની જેમ રક્ષણ આપીને તેના આયુષ્યની જીવાદોરીને લંબાવી આપે છે. હા, ગૌમૂત્ર, ગોબર, ગાયનું દૂધ, ગાયના દૂધમાંથી બનાવેલા દહીં તથા ગાયના દૂધ-દહીંમાંથી બનાવેલા ઘીને ચોક્કસ પદ્ધતિથી ભેગવીને તથા તેના પર આયુર્વેદિક પ્રક્રિયા કરીને પંચ ગવ્ય બનાવવામાં આવે છે. પંચ એટલે કે પાંચ અને ગવ્ય એટલે કે ગાયની ઉપજો. તેમાંથી બનેલી ઔષધી એટલે પંચગવ્ય. કેન્સર સહિતના રોગ સામે લડવાની તાકાત આ પંચગવ્ય પૂરી પાડે છે.

પંચગવ્ય માત્ર માનવ આરોગ્યનો રક્ષક જ નથી, પરંતુ ખેતરમાં ઉગતા છોડવાઓને પણ રક્ષણ આપે છે. તેને રોગ સામે લડવાની તાકાત પૂરી પાડે છે. પંચગવ્ય એ મૂળભૂત ભારતીય ખાતર છે. ગાયના પાંચ તત્વોમાંથી પંચગવ્ય બનાવવામાં આવે છે. છોડવાઓ માટેનું પંચગવ્ય પણ ગાયના શરીરમાંથી મળતી પાંચ ઉપજોમાંથી જ બનાવવામાં આવે છે. ખેતર માટેના પંચગવ્યમાં ગાયના પાંચ તત્વો ઉપરાંત કેળાં, નાળિયેરનું પાણી, મલાઈ કે કોપરું અને ગોળ ઉમેરવામાં આવે છે. તેમાં ત્યારબાદ પાણી ઉમેરવામાં આવે છે.

પંચગવ્યનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવેલા શાકભાજી, ફળ અને અનાજ-કઠોલનૂ શેલ્ફ લાઈફ રાસાયણિક ખાતરથી પકવેલા શાકભાજી અને કઠોળની લાઈફ કરતાં વધારે છે.

1

પંચગવ્યનો ખાતર તરીકે ઉપયોગ કરીને કેરીની ખેતી કરવામાં આવે તો કેરીના ફળની ગુણવત્તામાં સુધારો થાય છે અને કેરીની શેલ્ફલાઈફ 12 દિવસ વધી જાય છે.

2

પંચગવ્યને થોડા થોડા પ્રમાણમાં લઈને તેમાં 10થી 12 લિટર જેટલું પાણી ઉમેરીને તેનો ખેતરમાં છંટકાવ કરી પાકને રક્ષણ આપી શકાય

3

પહેલા ગાયનું સાતકિલો ગોબર લો. તેમ એક કિલો ગાયનું ઘી નાખો. ગાયના ગોબર અને ઘીને મિક્સ કરીને ત્રણ દિવસ સુધી રહેવા દો. હા, તેને સવાર અને સાંજના હલાવતા રહો

4

છોડવાને સારામાં સારુ પોષણ આપવા માટે 100 લિટર પાણીમાં ત્રણ લિટર પંચગવ્યનું પ્રવાહી નાખીને હેન્ડ પમ્પમાં મોટા છિદ્રવાળી જાળી રાખીને પાક પર તે છાંટી શકાય છે.

5

પંચગવ્ય એક જ પણ તેના ફાયદાઓ અનેક

પંચગવ્યનો ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. ગોબર અને ગૌમૂત્રને કારમે જમીનમાંના પાકને ઉપયોગી જીવોમાં વૃદ્ધિ થાય છે. સૌથી પહેલા તો રાસાયણિક ખાતરને કારણે ગાયબ થઈ ગયેલા અળસિયા ફરીથી સપાટી પર આવે છે. આ અળસિયા રાસાયણિક ખાતરને કારણે કઠણ અને છિદ્રહીન બની રહેલી જમીનને છિદ્રાળુ બનાવે છે. પરિણામે જમીનમાં પાણી વધુ પરકોલેટ થાય છે-ચુવે છે. જે પાકને જોઈતો ભેજ પૂરો પાડે છે. જમીનમાંના સૂક્ષ્મ જીવાણુંઓ પાકને જોઈતા ઓર્ગેનિક ઘટકો કે પોષક ઘટકો પૂરા પાડવાની કામગીરી કરે છે. ગાયનું દૂધ ગાયના દૂધનું દહીં, ગાયના દૂધ-દહીંમાંથી બનાવવામાં આવેલા ઘીમાં જમીનને પોષણ આપતા લેક્ટોબેસિલસ-એસએસપી તરીકે ઓળખાતા બેક્ટેરિયા હોય છે. આ બેક્ટેરિયા પાકને જોઈતા પોષક તત્વો જમીનમાં વધારવાનું કામ કરે છે. આ રીતે પંચગવ્ય જમીનની ફળદ્રુપતામાં વધારો કરે છે.

કુદરતે નિર્માણ કરેલી સિસ્ટમ જ સર્વોત્તમ છે. આ સિસ્ટમને અનુસરવામાં જ આપણે લાંબા સમય સુધી તન્દુરસ્ત રહી શકીએ છીએ. કુદરત દરેક સમસ્યાનો શ્રેષ્ઠ ઉપચાર કરવાને સમર્થ છે. આજે નવા નવા ટ્રેન્ડથી દુનિયા દોરવાઈ રહી છે. હવે પ્રાકૃતિક કે કુદરતી ખેતી તરફ સહુ પાછા વળવા માંડ્યા છે. જોકે હજીય મોટા ભાગના ખેડૂતો ખેતી માટે તન્દુરસ્ત ગણાય તેવી ખેતી પદ્ધતિથી દૂર ભાગી રહ્યા છે. તેમને રાસાયણિક ખાતરનો ઉપયોગ કરીને ઝડપથી પાક વૃદ્ધિનો લાભ મેળવવો છે. તેમાં તેઓ તેમની પોતાની જમીનને ખરાબ કરી રહ્યા છે. તેની ફળદ્રુપતાને ખતમ કરી રહ્યા છે. પંચગવ્ય માનવ શરીરને પણ ફરીથી શુદ્ધ કરવા, કુદરતી રીતે તન્દુરસ્ત કરવા સમર્થ છે. પંચગવ્ય કુદરતી વસ્તુઓમાંથી તૈયાર થયેલું દ્રવ્ય છે. તેના ઉપયોગથી પર્યાવરણની સમતુલા પણ જળવાય છે. તેમ જ માનવ આરોગ્ય પણ જળવાય જ છે.

પંચગવ્ય કેવી રીતે બનાવશો

પહેલા ગાયનું સાતકિલો ગોબર લો. તેમ એક કિલો ગાયનું ઘી નાખો. ગાયના ગોબર અને ઘીને મિક્સ કરીને ત્રણ દિવસ સુધી રહેવા દો. હા, તેને સવાર અને સાંજના હલાવતા રહેવુ જરૂરી છે. ત્રણ દિવસ પછી તેમાં 10 લિટર ગૌમૂત્ર ઉમેરો. તેમ જ 10 લિટર પાણી પણ મિક્સ કરો. આ રીતે એક માટીના મોટા કૂંડામાં ભરીને પંદર દિવસ સુધી રાખી મૂકો. માટીનું મોટુ પાત્ર ન મળે તો કોંક્રિટના પોટમાં ભરી દો. તેમ ન થાય તો પ્લાસ્ટિકના ડ્રમમાં ભરી દો. પંચગવ્ય તૈયાર કરવા ભરેલા માટીના પાત્રમાં ભરેલા પદાર્થોને છાયડામાં રાખો. આ રીતે પંદર દિવસ વીતી ગયા પછી તેમાં ત્રણ લિટર ગાયનું દૂધ ઉમેરી દો. ગાયના દૂધમાંથી બનાવેલું બે કિલો દહીં તેમાં ભેળવી દો. તેમ જ ત્રણ લિટર જેટલું નાળિયેરનું પાણી ઉમેરી દો. ત્રણ કિલો ગોળ ઉપરોક્ત મિશ્રણમાં નાખી દો. ત્યારબાદ તેમાં બહુ જ વધારે પાકી ગયેલા 12 કેળાં નાખી દો. દિવસમાં બે વાર એટલે કે સવારે અને સાંજે તેને હલાવતા રહો. આ રીતે તૈયાર કરેલું મિશ્રણ 30 દિવસ સુધી રાખી મૂકો. પંચગવ્ય તૈયાર થઈ ગયું સમજો. આમ તૈયાર કરેલા પંચગવ્યને એક વર્ષ સુધી સાચવીને રાખી શકાય છે. આ પંચગવ્યને થોડા થોડા પ્રમાણમાં લઈને તેમાં 10થી 12 લિટર જેટલું પાણી ઉમેરીને તેનો ખેતરમાં છંટકાવ કરી શકાય છે.

રાસાયણિક ખાતરથી ખેતી કરનારા ખેડૂતો તેમના ખેતરમાં પંચગવ્યનો ઉપયોગ કરીને ઓર્ગેનિક ખેતી કરે તો પાકમાં ઘટાડો થાય છે તેવી માન્યતા ખોટી છે, તેનાથી ખેડૂતને પહેલા વર્ષથી જ પાકની ઉપજમાં વધારો મળી જાય છે.

પંચગવ્યના તમામ ગુણોનો વ્યવસ્થિત લાભ મેળવવા માટે તેમાં ભેંસનું કે અન્ય જાનવરનું છાણ, દૂધ, દહીં કે મૂત્ર ઉમેરવુ જોઈએ નહિ. જરસી ગાયના ગૌમૂત્ર અને છાણ કરતાં દેશી ગાયના ગૌમૂત્ર અને ગોબર વધુ ફળદાયક બની રહ્યા છે. આ મિશ્રણને છાયડામાં રાખવું જોઈએ. આ મિશ્રણ ભરેલા પાત્રના મોઢા પર પ્લાસ્ટિકની મોસ્કિટો કીટ બાંધેલી હોવી જરૂરી છે. તેમ કરવાથી ઘરમાં જોવા મળતી માખી તેમાં ઈંડા મૂકતી નથી. તેમ જ તેના દ્રાવણ કે મિશ્રણમાં ગઠ્ઠા જામતા અટકી જાય છે.

છોડને પંચગવ્ય કઈ રીતે આપશો

દરેક પ્રકારના પાક પર પંચગવ્યનો છંટકાવ કરીને તેને સારામાં સારુ પોષણ આપી શકાય છે. 100 લિટર પાણીમાં ત્રણ લિટર જેટલું પંચગવ્યનું પ્રવાહી ઉમરીને તેનો પાક પર છંટકાવ કરી શકાય છે. છોડવાને સારામાં સારુ પોષણ આપવા માટે 100 લિટર પાણીમાં ત્રણ લિટર પંચગવ્યનું પ્રવાહી નાખીને હેન્ડ પમ્પમાં મોટા છિદ્રવાળી જાળી રાખીને પાક પર તે છાંટી શકાય છે. એક હેક્ટર જમીનમાં સિંચાઈનું પાણી પીવડાવવું હોય તો તેમાં 50 લિટર પંચગવ્યનું પ્રવાહી ભેળવીને તેને ખેતરમાં મોકલવામાં આવતા પાણી સાથે મોકલી શકાય છે.

બીજને પણ વધુ પોષક બનાવી શકાય

કોઈપણ પાકના બીજને વધુ પોષક અને સક્ષમ બનાવવા માટે પણ પંચગવ્યનો ઉપયોગ કરી શકાય છે. તમે તૈયાર કરેલા પંચગવ્યમાંથી એક કે બે લિટર પ્રવાહી તૈયાર કરીને તેમાં કોઈપણ પાકના બીજને ડૂબાડીને 20થી 30 મિનિટ રાખી શકાય છે. શેરડીના બીજને આ રીતે પંચગવ્યના પાણીમાં પલાળી રાખીને પછી સૂકવીને મૂકી શકાય છે. આ બીજની વાવણી કરવાથી સારો પાક મળે છે. હળદર અને આદુની બીજસ્વરૂપ ગાંઠોને તેમાં વીસથી ત્રીસ મિનિટ સુધી પલાળીને રાખી શકાય છે. ત્યારબાદ તેને પણ સૂકવી દેવાની રહેશે. આમ તેને સૂકવી દીધા બાદ સાચવીને રાખી શકાય છે. વાવણીની સીઝનમાં તેની વાવણી કરી શકાય છે.

પંચગવ્યના ગુણોનો લાભ મેળવવા તેમાં ભેંસનું કે અન્ય જાનવરનું છાણ, દૂધ, દહીં કે મૂત્ર ઉમેરવું નહિ. જરસી ગાયના ગૌમૂત્ર અને છાણ કરતાં દેશી ગાયના ગૌમૂત્ર અને ગોબર વધુ ફળદાયક બની રહ્યા છે

પંચગવ્યથી કયા પાક પર કેવી અસર પડે છે

જમરૂખ: પંચગવ્યનો ખાતર તરીકે ઉપયોગ કરીને જમરૂખનો પાક લેવામાં આવ્યો હોય તો તે જમરૂખમાંથી સુગર આસાનીથી ઓગળી જાય તેવી હોય છે. તેમાંના એસિડના ઘટકોને પરિણામે લીંબુની શેલ્ફ લાઈફમાં સાતથી દસ દિવસનો વધારો થાય છે.

કેળાંના ફલીકરણના સમયમાં પંચગવ્યનું પ્રવાહી કેળાંની લૂમની નીચે એક પાત્રમાં ભરીને બાંધીને રાખવામાં આવે તો તે લૂમમાંથી મેલ બડ એટલે કે પુરુષના ગુણો ધરાવતી કળીએ દૂર થઈ જાય છે. પરિણામે કેળાંની લૂમના દરેક કેળાં એક સરખ જ પાકે છે. પંચગવ્યના પ્રભાવ હેઠળ કેળાની લૂમ સામાન્ય ખેતીથી પકવેલા કેળાંની લૂમ કરતાં વહેલી તૈયાર થઈ જાય છે. પંચગવ્યનો ઉપયોગ કરીને કરવામાં આવેલી કેળાંની ખેતીમાં થતી લૂમના કેળાં એક સરખા કદના થતાં હોવાનું જોવા મળે છે.

જાસ્મિન: પંચગવ્યનો ઉપયોગ Kરીને મોગરાના ફૂલની ખેતી કરવામાં આવે તો મોગરાના ફૂલમાં સુગંધ વધુ આવે છે. ફૂલાનો ફલીકરણની પ્રક્રિયા સતત અને આખું વર્ષ ચાલ્યા જ કરે છે. તેના પર બેસતી કળીઓને જીવાત એટલે કે બડવર્મ લાગવાની તકલીફ દૂર થાય છે. તેમ જ અન્ય જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો પડતો નથી.

શાકભાજીના પાક: પંચગવ્યનો ખાતર તરીકે ઉપયોગ કરીને કોઈપણ શાકભાજીનો પાક લેવામાં આવે તો ઉપજમાં અંદાજે 18 ટકાનો વધારો થઈ જાય છે. ખાસ કરીને કાકડીની ઉપજમાં તો સો ટકાનો વધારો જોવા મળ્યો છે. કાકડીની શેલ્ફલાઈફ પણ વધી જાય છે. રિંગણ, ટામેટાંના પાકની ઉપજમાં પણ તેનાથી વધારો થાય છે. પંચગવ્યનો ઉપયોગ કરીને શાકભાજીની ખેતી કરવામાં આવે તો તે શાકભાજી ચમકદાર અને વધુ તાજાં દેખાય છે.

હળદર: પંચગવ્યનો ઉપયોગ કરીને હળદરની ખેતી કરવામાં આવે તો તેવા સંજોગોમાં હળદરની ઉપજમાં 22 ટકા જેટલો વધારો થાય છે. હળદરની ગાંઠો મોટી થાય છે. તેમાં કરક્યુમિનનુ તત્ત્વ વધારે થાય છે. પંચગવ્યથી ખેતી કરવામાં આવે તો હળદરની ગાંઠોને લાગતી ડ્રેગનફલાઈઝ તરીકે ઓળખાતી જીવાત સામે હળદરની ગાંઠો પોતાનું રક્ષણ વધુ આક્રમકતાથી કરી શકે છે. પંચગવ્યનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હોય તો કરોળિયાને કારણે હળદરની ગાંઠને લાગતા રોગ પણ ઓછા લાગે છે.

કેરી: પંચગવ્યથી કેરીનો પાક લેવામાં આવે તો તે આંબા પર વધુ મોર ઉગે છે. પંચગવ્યથી કેરીનો પાક લેવામાં આવે તે ઝાડ પર ઉગતા મોરમાં સ્ત્રી અને પુરુષ મોરના અંગ એક જ મોરમાં હોયછે. તેને વિજ્ઞાનની ભાષામાં હર્માફ્રોડાઈટ ફલાવર તરીકે ઓળખાવવામાં આવે છે. ગુજરાતીમાં તેને આંબા પર ઉગેલા મોર તરીકે ઓળખાવવામાં આવે છે. પરિણામે મોરના ફલીકરણની પ્રક્રિયા સતત થયા જ કરે છે. તેનાથી ફળની ગુણવત્તામાં સુધારો થાય છે. પંચગવ્યથી લેવામાં આવેલા કેરીના પાકને કારણે કેરીની શેલ્ફલાઈફ 12 દિવસ વધી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો કેરી તૈયાર થયા પછી સડી જવાની પ્રક્રિયા સામાન્ય કેરી કરતાં બાર દિવસ વધારે થાય છે. આમ પંચગવ્યથી ઉગાડેલી કેરી સામાન્ય કેરી કરતાં બાર દિવસ વધુ ટકે છે. તેની સુગંધ અને સ્વાદ પણ અજોડ હોય છે.

લીંબું: પંચગવ્યનો ઉપયોગ કરીને લીંબુંનો પાક લેવામાં આવે તો આખું વર્ષ લીંબુંના ઝાડ પર ફૂલ ઉગતા જ રહે છે અને લીંબું થતાં જ રહે છે. તેના પર થતાં લીંબું મોટા અને રસદાર હોય છે. તેની સુગંધ પણ મનને મોહી લે છે. આ લીંબું પણ સામાન્ય લીંબું કરતાં દસ દિવસ વધુ ટકે છે.

દુષ્કાળના માહોલમાં પાકને ટકવાની તાકાત આપે

દુષ્કાળના સમયમાં પાણીની અછતને કારણે ઊભા મોલ સૂકાઈ જવાની ઘટના બને છે અને ખેડૂતની આખા વર્ષની મહેનત પર પાણી ફરી વળે છે. પંચગવ્ય પાકને પાણીની અછતના વિસ્તારમાં પણ ટકી રહેવાની સમર્થ બનાવે છે. પંચગવ્ય આપવાથી છોડ કે પાંદડાંની ઉપર તૈલી આવરણ આવી જાય છે. પરિણામે તેમાંના ભેજનું બાષ્પીભવન થવાની પ્રક્રિયા મર્યાદિત થઈ જાય છે. બીજું, પંચગવ્ય આપીને પોષણ આપવામાં આવ્યું હોય તેવા છોડના મૂળ સામાન્ય છોડ કરતાં વધુ ઊંડા ઉતરે છે. જમીનના ઊંડાણમાંથી પોતાને માટે જોઈતો ભેજ મેળવી લે છે. તેને કારણે પણ સૂકા પ્રદેશમાં પંચગવ્યનું પોષણ મેળવનાર છોડ વધુ ટકી શકે છે. ત્રીજું, પંચગવ્યનું પોષમ મેળવનાર પાકને સિંચાઈના પાણીની 30 ટકા ઓછી જરૂર પડે છે.

પંચગવ્યના છંટકાવથી છોડ વધુ ખીલે છે

પંચગવ્યના પટ આપેલા બીજનું વાવેતર કરવાથી અને તેના પર પંચગવ્યના પ્રવાહીનો છંટકાવ કરવાથી છોડ વધુ ખીલે છે. તેમાં વધુ પાન આવે છે. પાન સાથેનો છોડ વધુ ઘટાદાર લાગે છે. છોડની જૈવિક કાર્યક્ષમતામાં વધઆરો કરવા માટે છોડમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા સક્રિય થાય છે. પ્રકાશ સંશ્લેષણની આ પ્રક્રિયાથી પોષક ઘટકોનું છોડ વધુ પ્રમાણમાં ગ્રહણ કરે છે. છોડ વધુ તન્દુરસ્ત બને છે. વૃક્ષમાં નાની નાની ડાળખીઓમાંથી નવી કૂંપળો અને નવા નવા પાન અંકુરિત થાય છે. નવપલ્લવિત ડાળખી મજબૂત થાય છે અને તેના પરના ફળ પાકે ત્યાં સુધી તેને ટકાવી રાખવાનું કામ કરે છે. પંચગવ્યનો છંટકાવ કરવામાં આવ્યો હોય તેવા વૃક્ષમાં નવી નવી ડાળીઓ વધુ પ્રમાણમાં ફૂટે છે. સામાન્ય પ્લાન્ટ અને પંચગવ્યથી ઊછેરેલા પ્લાન્ટ વચ્ચેના તફાવતને સહજ જોઈ શકાય છે. પંચગવ્ય પાઈને ઉછેરવામાં આવેલો છોડ વધુ ઘટાદાર થાય છે. તેમાં ડાળીઓ અને પાન વધારે હોવાથી તે ગીચ લાગે છે. પંચગવ્યનો જે છોડ પર છંટકાવ કરવામાં આવ્યો હોય તે છોડના મૂળ ઝડપથી વધે છે. જમીનના પડમાં વધુ ઊંડા ઉતરી જાય છે. તેના મૂળ વધુમાં વધુ પાણી અને પોષક તત્વો જમીનમાંથી શોષે છે.

પંચગવ્યનો ઉપયોગ કરનારની ઉપજમાં પહેલા વર્ષથી વધશે

પંચગવ્યનો ઉપયોગ કરવાથી ખેતરમાં ઉગતા પાકમાં વધઆરો થાય છે. જમીનને રાસાયણિક ખાતરને બદલે ઓર્ગેનિક ખાતર આપીને કે પછી કુદરતી દ્રવ્યોનું બનેલું ખાતર આપીને ખેતી કરવામાં આવે તો સામાન્ય સંજોગોમાં ખેતરમાંથી મળતી સરેરાશ ઉપજમાં ઘટાડો જોવા મળે છે. આ સ્થિતિમાં પંચગવ્યનો ઉપયોગ કરવામાં આવે તો પાકની ઉપજના સ્તરને જાળવી રાખવામાં કે વૃદ્ધિ કરવામાં સફળતા મળે છે. પંચગવ્યનો ઉપયોગ કરનારા ખેડૂતને પહેલા વર્ષથી જ પાકની ઉપજમાં વધારો મળી જાય છે. બીજું, પંચગવ્યનો ઉપયોગ કરનારા ખેડૂતોનો પાક નોર્મલ દિવસો કરતાં પંદર દિવસ વહેલો તૈયાર થઈ જાય છે. પંચગવ્યનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવેલા શાકભાજી, ફળ અને અનાજ-કઠોલનૂ શેલ્ફ લાઈફ રાસાયણિક ખાતરથી પકવેલા શાકભાજી અને કઠોળની લાઈફ કરતાં વધારે છે. પંચગવ્યથી ખેતરમાં લીધેલા પાકનો સ્વાદ પણ રાસાયણિક ખાતરથી લીધેલા પાક કરતાં વધુ સારો હોય છે. તેમ જ પંચગવ્યનો ઉપયોગ કરનારાઓએ મોંઘાદાટ અને ઝેરી કેમકલ યુક્ત ખેતીથી છૂટકારો મળે છે. તેમનો પાકની જાળવણી માટેન ખર્ચ ઘટી જાય છે.

ખાદ્યતેલની દેશની જરૂરિયાત પ્રમાણે ઉત્પાદન વધી શકશે?

તેલીબિયાનો પાક લઈને સારી કમાણી કરવાનો ખેડૂતો માટે સતત વધી રહેલો અવકાશ

નીતિ આયોગ ગમે તે ભલામણ કરે અને સરકાર જે કોઈ પણ નિર્ણય લે, ઓઈલની આયાતમાં રાતોરાત ઘટી શકવાનું નથી. ટૂંકા ગાળામાં આપણે આત્મનિર્ભર પણ બની શકવાના નથી

ખાદ્યતેલના મોરચે આત્મનિર્ભરતા કેળવવાની બાબતમાં નીતિ આયોગે 28મી ઓગસ્ટ 2024ના બહાર પાડેલા એક અહેવાલમાં ખાદ્યતેલની આયાત પર ડ્યૂટી વધારીને તેની આયાત ઘટાડવાની દરખાસ્ત મૂકી છે. તેલના બજારના એક્સપર્ટ અને એડવાઈઝર પરેશ શાહ કહે છે, “નીતિ આયોગ ગમે તે ભલામણ કરે અને સરકાર જે કોઈ પણ નિર્ણય લે, ઓઈલની આયાતમાં રાતોરાત ઘટી શકવાનું નથી. ટૂંકા ગાળામાં આપણે આત્મનિર્ભર પણ બની શકવાના નથી.”

હા, છેલ્લા ત્રણેક વર્ષમાં ખાદ્યતેલના ભાવ ખાસ્સા તૂટી ગયા છે. બીજીતરફ વિદેશી બજારમાં સપ્લાય વધી જતાં ભાવ તૂટી ગયા હતા. ત્રીજું, ભારત સરકારે પામતેલ અને સોયાબિન પરની આયાત ડ્યૂટી ઘટાડીને તેના પર બે પ્રકારના સરચાર્જ ચાલુ રાખીને પાંચ અને દસ ટકા કરી નાખી છે. તેથી ભારતમાં તેની આયાત વધી ગઈ હતી. પરિણામે પણ ભાવ તૂટ્યા હતા. બીજીતરફ આપણા દેશમાં ઓઈલ સીડ્સના અને તેમાંય ખાસ કરીને સોયાબિનના ભાવ નીચા ચાલતા હતા. તેથી ખેડૂતો તેનો પાક લેવાથી દૂર જવા માંડ્યા હતા. ભારતમાં લોકસભાની ચૂંટણી પતી તે પછી સરકારમાં જુદી જુદી સંસ્થાઓએ રજૂઆત કરી કે ખાદ્યતેલ પરની આયાત ડ્યૂટીમાં વધારો કરો તો જ ખેડૂતોને સારા ભાવ મળે તેવી શક્યતા છે.” પરિણામે સોયાબિનનું વાવેતર વધ્યું છે અને વધશે પણ ખરું. સોયાબિનનો નવો પાક ઓક્ટોબર માસમાં આવશે. તેથી તેમને સારા ભાવ મળે તે માટેના આ પ્રયાસો ચાલુ થયા છે.

કેન્દ્ર સરકારના કૃષિ મંત્ર્યાલયે પણ ડ્યૂટી વધારવાની ભલામણ કરેલી છે. બીજીતરફ સરકારને ફુગાવાની ચિંતા પણ રહેતી હતી. તેથી જ વચ્ચે એક પરિપત્ર કરીને 2025ની 31મી માર્ચ સુધી આયાત ડ્યૂટીને વર્તમાન દર ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કૃષિ મંત્ર્યાલય ઉપરાંત નીતિ આયોગે પણ પોતાનો અહેવાલ બહાર પાડ્યો છે. ઓક્ટોબરથી શરૂ થનારી ઓઈલ સીડ્સની નવી સીઝનમાં ભાવ તૂટેલા રહેવાની અને ખેડૂતો નારાજ થવાની શક્યતાને પણ અહેવાલ તૈયાર કરાયો હોવાનું માનવામાં આવે છે. બીજીતરફ ભારત તેલિબિયા અને ખાદ્યતેલના ઉત્પાદનમાં આત્મનિર્ભર બને તેવા ગણિત સાથે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. કારણ કે સ્થાનિક ખેડૂતોને તેલિબિયાંના ઓછા ભાવ મળે તો ખેડૂતો નવા વર્ષમાં સાયોબિન, તલ, સનફ્લાવર, કરડી, મગફળી સહિતના ઓઈલ સીડ્સની ખેતીથી દૂર રહેવાની શક્યતા વધી જતી હતી. ભારતને આયાતની ગરજ તો છે જ છે. છતાંય આયાતમાં નબળી ક્વોલિટીનું ખાદ્યતેલ ન આવે તેવી તકેદારી રાખી છે. તે માટે સરકારે ડેઝિગ્નેશન ઓફ કંટ્રોલ્ડ ઓરિજિન-ડીઓસીનો નિયમ લાગુ કર્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો શ્રેષ્ઠ ક્વોલિટીનું ખાદ્યતેલ જ દેશમાં આવે તે માટેનો નિયમ લાગુ કર્યો હતો. ડીઆસીની આયાત ખૂલ્લી નહોતી મૂકી ત્યારે એટલે કે ત્રણેક વર્ષ પહેલા સોયાબિનના ક્વિન્ટલદીઠ ભાવ વધીને રૂ. 10,000ની સપાટીને આંબી ગયા હતા. પરંતુ ડીસીઓનો અમલ કર્યો અને આયાત ડ્યૂટી ઘટાડી તેથી સોયાબિનના ભાવ તૂટીને રૂ. 4200ની સપાટીએ આવી ગયા હતા. આજે એટલે કે 30મી ઓગસ્ટ 2024ની તેના ભાવ વધીને ફરી રૂ. 4400ની આસપાસ બોલાઈ રહ્યા છે. આ સ્થિતિમાં ખેડૂતોને તેલિબિયાંની ખેતી કરવાનું પ્રોત્સાહન મળતું રહે તે માટે ડ્યૂટી વધારવા તરફ સરકાર જઈ રહી છે. ખાદ્યતેલ માર્કેટના નિષ્ણાત પરેશ શાહ કહે છે, “આયાત ડ્યૂટી 5.5 ટકાથી વધારીને 10 ટકા કરે તો પણ મનોવૃત્તિ બદલાઈ જવાની શક્યતા રહેલી છે. જોકે નીતિ આયોગની ભલામણનો કેટલો સ્વીકાર કરવો તેનો નિર્ણય સરકારે કરવાનો છે.”



2.5 કરોડ ટનની ખાદ્યતેલની જરૂરિયાતમાંથી 1.64 કરોડ ટન ખાદ્યતેલની આયાત કરવાની ફરજ પડી રહી છે, આમ ડિમાન્ડ અને સપ્લાય વચ્ચે 86 લાખ ટનનો ગાળો છે

ખાદ્યતેલમાં આત્મનિર્ભરતા કેળવવા અંગેનો અહેવાલ નીતિ આયોગે 28મી ઓગસ્ટે વહેતો મૂકી તેલિબિયાનું ઉત્પાદન વધારવા પર ભાર મૂક્યો

ખાદ્યતેલ પરની આયાત ડ્યૂટીમાં વધારો કરવાથી સ્થાનિક ખેડૂતોને પ્રોત્સાહન મળશે. તેમને સારા ભાવ મળશે તો તેઓ તેની ખેતી તરફ વધુ વળશે. તેમ જ તેમને લઘુતમ ટેકાના ભાવ મળશે.

આમ તો સરકાર ઈચ્છે છે કે ભારતમાં ખાદ્યતેલની આયાતમાં ઘટાડો થાય. તેમ જ ખાદ્યતેલની આયાત પાછળ ખર્ચાતા વિદેશી હૂંડિયામણની બચત થાય. આ રીતે બચેલા હૂંડિયામણમાંથી કેપિટલ ગુડ્સની એટલે કે આધુનિક મશીનરી કે ટેક્નોલોજીની આયાત કરવા માટે ઉપયોગ થાય તો ભારતમાં નવા પ્રોડક્શન વધે અને રોજગારીની તક પણ વધે તેવી શક્યતા છે. તેની સાથે સાથે જ નિકાસમાં પણ વૃદ્ધિ થવાની શક્યતા વધી જાય છે. આ જ હેતુને પાર પાડવા ભારત સરકાર ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા માટે ઈથેનોલના ઉત્પાદન વધારવા સક્રિય બની છે. ખેડૂતો કરી શકે તેટલી મકાઈ પેદા કરે તે પૂરો જથ્થો સરકાર ખરીદી લેવા તૈયાર હોવાની જાહેરાત આ અગાઉ જ કરી દેવામાં આવી છે. ભારત ક્રૂડ પેટ્રોલિયમ ઓઈલ અને ગોલ્ડની આયાત પણ ઓછી કરવાના મૂડમાં જ છે. દેશમાં ક્રૂડની આયાત પાછળ દર વર્ષે 9થી 10 લાખ કરોડનો ખર્ચ થાય છે. તેમ જ ગોલ્ડની દર વર્ષે અંદાજે 800 ટનની આસપાસની આયાત થાય છે.

ભારતમાં વરસે દહાડે સરેરાશ 164.4 લાખ ટન ખાદ્યતેલની આયાત કરવામાં આવે છે. ખાદ્યતેલની આયાતના આંકડા નવેમ્બર 2022થી ઓક્ટોબર 2023ના બાર મહિનાના ગાળામાં ગણતરીમાં લેવામાં આવે છે. આમ ખાદ્યતેલની આયાતમાં 2022-23ના એક જ વર્ષમાં 17 ટકાનો વધારો થયો હતો. આ આયાત માટે રૂ. 1.38 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ જ અરસામાં સરકારે ડેઝિગ્નેટેટ કંટ્રોલ ઓરિજિન-ડીસીઓનો નિયમ ખાદ્યતેલની આયાતને લાગુ કર્યો હતો. ડીસીઓનું લેબલ લાગેલું હોય તે પ્રોડક્ટ્સ કયા ભૌગોલિક વિસ્તારમાંથી આવેલું છે અને તેને કઈ પદ્ધતિથી કે ટેક્નોલોજીથી તૈયાર કરવામાં આવ્યો છે તેની વિગતો મળી જાય છે. પ્રોડક્ટ્સ તૈયાર કરવાને લગતા નિયમોનું ચુસ્ત પાલન કરીને પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં આવ્યા હોવાનો નિર્દેશ પણ ડીસીઓનું લેબલ આપે છે. તેથી ઈમ્પોર્ટ કરેલા ઓઈલની ક્વોલિટીની ગેરેન્ટી મળતી થઈ છે.

ભારતના લોકોની ખાદ્યતેલની જરૂરિયાત અને ભારતમાં ખાદ્યતેલના થતાં ઉત્પાદન વચ્ચે મોટો ગાળો છે. 2.5 કરોડ ટનની જરૂરિયાત પૂરી કરવા 1.64 કરોડ ટનની આયાત કરવી પડી રહી છે. 2030ની સાલ સુધીમાં ભારતમાં ખાદ્યતેલની ડિમાન્ડ અને સપ્લાય વચ્ચેનો ગાળો 22.3 મિલિયન મેટ્રિક ટનનો થઈ જવાની સંભાવના છે. ભારત તેલિબિયાંના ઉત્પાદન વધારશે તો પણ 2047 સુધીમાં ખાદ્યતેલની ડિમાન્ડ અને સપ્લાય વચ્ચે 15.20 મિલિયન ટનનો ગાળો રહેવાની સંભાવના છે. તેમાંય માથાદીઠ ખાદ્યતેલનો વપરાશ 25.3 કિલોની મર્યાદામાં રહે તો જ આ સ્થિતિ નિર્માણ થશે. માથાદીઠ વપરાશ તેનાથી વધી જાય તો સ્થિતિ અલગ જ નિર્માણ થવાની સંભાવના છે. માથાદીઠ વપરાશ 40.3 કિલોએ પહોંચી જાય તો તેવા સંજોગોમાં 2030 સુધીમાં 29.5 મિલિયન મેટ્રિક ટનનો અને 2047 સુધીમાં 40 મિલિયન મેટ્રિક ટનનો ગાળો

રહેવાની સંભાવના છે.

ભારતમાં વરસે દહાડે 2.5 કરોડ ટન ખાદ્યતેલ ખવાઈ જાય છે. ઉત્તર અને પૂર્વ ભારતમાં સરસિયા કે રાયડાના તેલનો, પશ્ચિમ ભારતમાં મગફળી, રાજસ્થાનમાં તલના તેલનો અને દક્ષિણ ભારતમાં કોપરેલનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે 1994ની સાલ સુધી ભારત તેની ખાદ્યતેલની કૂલ જરૂરિયાતના 94 ટકા તેલનું ઉત્પાદન પોતે કરતું હતું. પરંતુ ત્યારબાદ સસ્તાં પામતેલની આયાત થવા માંડતા ભારતનું પોતાનું ઉત્પાદન ઘટી ગયું હતું. ભારત સારી ગુણવત્તાના બિયારણનો ઉપયોગ કરીને પાક લે તો તેવા સંજોગોમાં તેલિબિયાની ઉપજમાં 12 ટકાનો જોવા મળતો ગાળો ઓછો કરી શકે છે.

સનફલાવરનું ઉત્પાદન વદારીને 17.4 મિલિયન મેટ્રિક ટન , રાઈસબ્રાન ઓઈલનું 1.9 મિલિયન મેટ્રિક ટન તથા પામની ખેતી વધારીને 34.4 મિલિયન મેટ્રિક ટનન ખાદ્યતેલનું ઉત્પાદન વધારી શકે તેમ છે.

આ નિયમો વચ્ચે નીતિ આયોગે ખાદ્યતેલની આયાત ઘટાડવાનો નિર્ણય લેવા સરકારને ભલામણ કરી છે. આયાત ઘટાડવા માટે તેના પર આયાત ડ્યૂટીનો બોજ વધારી દેવો જરૂરી હોવાનું નીતિ આયોગે જણાવ્યું છે. ખાદ્યતેલની બાબતમાં ભારતને આત્મનિર્ભર બનાવવાનો પણ આ જ એક વિકલ્પ હોવાનું જણાવવામાં આવ્યું છે. તેને માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં ઓઈલ સીડ્સની ખેતી કરવાનો વિકલ્પ સારો હોવાનું પણ જણાવવામાં આવ્યું છે. આમ આડકતરી રીતે કોન્ટ્રાક્ટ ફાર્મિંગને પ્રોત્સાહન મળે તે દિશામાં સરકાર જવા માગતી હોવાનો પણ નિર્દેશ મળે છે. પ્રાઈવેટ સેક્ટર પાસેની ટેક્નોલોજીનો ઉપયોગ તેને માટે કરવો જરૂરી છે. તેમની માર્કેટિંગની કુનેહનો ઉપયોગ કરવો જરૂરી છે. તેમ જ તેલિબિયાંના પાકમાં વધારો થાય તે માટેના પ્રયાસો કરવા જરૂરી છે. માત્ર મગફળી જ નહિ, સનફલાવર, રાયડો, અળસી, તલ, કરડી સોયાબિન, કપાસિયા તેલ પેદા કરવા માટેના બિયારણની ઉપજ વધારવા પર ફોકસ કરવા જણાવવાlsમાં આવ્યું છે. રાયડાનું ઉત્પાદન ભારતમાં સૌથી વધુ થાય છે. સોયાબિનની ખેતી પણ ઝડપથી વધી રહી છે. બાયબેકની ગોઠવણ સાથે ઓઈલ પામની ખેતીને પણ પ્રોત્સાહન આપવા જણાવવામાં આવ્યું છે.

ખાદ્યતેલ પરની આયાત ડ્યૂટીમાં વધારો કરવાથી સ્થાનિક ખેડૂતોને પ્રોત્સાહન મળશે. તેમને સારા ભાવ મળશે તો તેઓ તેની ખેતી તરફ વધુ વળશે. તેમ જ તેમને લઘુતમ ટેકાના ભાવ મળશે. તેથી આ મોરચે સરકાર તરફથી વહેલામાં વહેલો ખેડૂતોને પ્રોત્સાહન મળે તેવો નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. આગામી રવી સીઝનમાં ખેડૂતો વધુ પ્રમાણમાં તેલિબિયાંની ખેતી તરફ વળે તેવી પણ અપેક્ષા રાખવામાં આવી રહી છે. પામતેલ, સોયાબિન અને સફલાવર પરની આયાત ડ્યૂટી 13.75 ટકા પણ હતી. તે પૂર્વે 38.5 ટકા હતા. તે ઘટાડીને માત્ર સરચાર્જ રાખીને 5.5 ટકા કરી દેવામાં આવી તેથી આયાતમાં વધારો થયો છે. તેથી સ્થાનિક ઉત્પાદકોને તેલિબિયાંના પૂરતા ભાવ ન મળે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. ખાદ્યતેલની આયાત પર શૂન્ય ટકા કરવામાં આવે તેવું જવલ્લે જ બને છે. આ ડ્યૂટીમાં વધારો કરવામાં ન આવે તો ખેડૂતોને તેલિબિયાંના પોષણક્ષમ ભાવ મળવાની સંભાવના ઓછી છે. ખેડૂતોને પોષણ ક્ષમ ભાવ મળશે તો જ તેલિબિયાંની ખેતી કરશે. અત્યારે સોયાબિનના લઘુતમ ટેકાના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. 4892 હોવા છતાં મધ્યમ પ્રદેશમાં રૂ. 4150 અને મહારાષ્ટ્રમાં રૂ. 4185ના ભાવે સોયાબિનના સોદા થઈ રહ્યા છે. વૈશ્વિક બજારના ભાવ, સ્થાનિક બજારમાં સપ્લાય અને ડિમાન્ડને આધારે તેલિબિયાંના ભાવ નક્કી થાય છે. નીતિ આયોગનું એમ પણ માનવું છે કે ખાદ્યતેલ પરની આયાત ડ્યૂટીમાં વધારો કરવામાં આવશે તો તેને પરિણામે ખાદ્યતેલનું ઉત્પાદન કરતાં સ્થાનિક ઉદ્યોગોનો રક્ષણ પણ મળી રહેશે. ક્રૂડ ખાદ્યતેલ અને રિફાઈન્ડ ખાદ્યતેલ વચ્ચેની ડ્યૂટીમાં નોંધપાત્રગાળો હોવાને પરિણામે પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝને પણ લાભ મળી રહેશે. સ્થાનિક સ્તરે ઉત્પાદન વધતા ગ્રાહકોને પણ સસ્તાદામે ખાદ્યતેલ મળતું થશે.

ભારતમાં છેલ્લા દસ વર્ષથી ખાદ્યતેલના વપરાશના આંકડાઓ પર નજર નાખવામાં આવે તો માથાદીઠ વાર્ષિક વપરાશ 19.7 કિલોનો છે. ખાદ્યતેલનો માથાદીઠ વપરાશ વધી જતાં સ્થાનિક ઉત્પાદન તેમની જરૂરિયાતને પહોંચી વળવામાં સક્ષમ ન રહ્યો. તેથી ફરી એકવાર આયાત પરની નિર્ભરતામાં વધારો થઈ ગયો હતો. સ્થાનિક ઉદ્યોગની લોકોની જરૂરિયાતને પહોંચી વળવાની જરૂરિયાત વધતા તેની આયાત પણ વધારવાની ફરજ પડી હતી. નીતિ આયોગે હેક્ટરદીઠ તેલિબિયાંનું ઉત્પાદન વધારવા પર પણ ફોકસ કરવા જણાવ્યું છે. તેને માટે જરૂરી ટેક્નોલોજી વિકસાવવા પર પણ ફોકસ કરવા જણાવ્યું છે. દરેક ભૌગોલિક વિસ્તારમાં પાક આધારિત મોડેલ ફાર્મમ તૈયાર કરવા જણાવવામાં આવ્યું હતું. તેની સાથે જ એડવાન્સ ટેક્નોલોજીનો પ્રસાર કરવો પણ જરૂરી હોવાનું જણાવવામાં આવ્યું છે. ખેતીના ક્ષેત્રના નિષ્ણાતોએ અલગ વિકલ્પ સૂચવ્યો છે. નીતિ આયોગના નિષ્ણાતોનું કહેવું છે કે ચોખાના ઉત્પાદન માટે વપરાતી જમીનમાંથી ત્રીજા ભાગની જમીનને તેલિબિયાંની ખેતી તરફ ડાયવર્ટ કરવામાં આવે તો તેલિબિયાંના ઉત્પાદનમાં 10 લાખ ટનથી વધુનો વધારો થઈ શકે છે. ભારતના તમામ રાજ્યોમાં આ ફેરફાર કરે તો તેલિબિયાંના ઉત્પાદનમાં 10 લાખ ટનનો વધારો થઈ શકે છે.તેમ થાય તો ભારતની આયાતી તેલ પરની નિર્ભરતામાં અંદાજે 7.1 ટકાનો ઘટાડો થઈ શકે છે. ગુજરાત, મધ્યપ્રદેશ, આન્ધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં ઉત્પાદન વધી શકે છે.

ભારત આગામી દસેક વર્ષમાં તેલિબિયાંના ઉત્પાદનમાં અને ખાદ્યતેલના ઉત્પાદનમાં આત્મનિર્ભર બની જવાનું લક્ષ્ય રાખે છે. ભારત સરકારે તેના રાષ્ટ્રીય અગ્રીમતા બનાવી દીધી છે. તેની સાથે જ નીતિ આયોગો પામની ખેતી પર ફોકસ કરવા અને તેમાંથી તેલ કાઢવા પણ જણાવ્યું છે. આમ કરીને રાંધવા માટેના તેલની અછત દૂર કરી શકાશે. બીજીતરફ લોકોને પણ ખોરાક તૈયાર કરવામાં કયું ખાદ્યતેલ કેટલા પ્રમાણમાં વાપરવું તે અંગે પણ સમજણ આપવી જરૂરી છે. તેને માટે રાંધણકળાના કુશળ રસોઈયાઓ, ગૃહિણીઓ અને તેમના મન પર પ્રભાવ પાડવાને સમર્થ લોકોને સાથે રાખીને સેમિનાર્સ કે વર્કશોપ્સ પણ યોજવા જોઈએ. કૂકિંગ શૉ પણ યોજવા જોઈએ. નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ઓફ ન્યૂટ્રિશન અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ પ્રસ્થાપિત કેરાલ ધોરણો પ્રમાણે જ તેલનો વપરાશ કરવામાં આવે તેવો આગ્રહ રાખવો જોઈએ. અતિશય પ્રમાણમાં ખાદ્યતેલના વપરાશને પરિણામો આરોગ્યને લગતી સમસ્યાઓ વધતાં હેલ્થ માટે કરવા

પડતા ખર્ચાઓ પણ વધી રહ્યા છે. આ બાબતે પણ લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન, સેલ્ફ હેલ્પ ગ્રુપ, એફપીસી, તમામની મદદ લઈ શકાય છે. તમામ સાથે લોન્ગટર્મ કોન્ટ્રાક્ટ કરી શકાય છે.

2023-24ની ખરીફ મોસમમાં તેલિબિયાંનું ઉત્પાદન 215.33 લાખ ટન થવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. 2022-23માં આ ઉત્પાદન 261.50 લાખ ટન થવાનો મૂકવામાં આવ્યો હતો. તેમાં સોયાબિનનું ઉત્પાદન 115.28 લાખ ટન થવાનો અને મગફળીનું ઉત્પાદન અંદાજે 78.29 લાખ મેટ્રિકટન થવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન 33.41 લાખ ટન થવાનો અદાજ મૂકવામાં આવ્યો હતો. તેની સામે ભારતમાં ખાદ્યતેલનો વપરાશ વધારે છે.

ઓક્ટોબરથી શરૂ થનારી ઓઈલ સીડ્સની નવી સીઝનમાં ભાવ તૂટેલા રહેવાની અને ખેડૂતો નારાજ થવાની ભીતિથી નીતિ આયોગે ભલામણ કરી

ખાદ્યતેલના ઉત્પાદનને વધારવા માટે આયાત ડ્યૂટીમાં વધારો કરવાની ભલામણ નીતિ આયોગે કરી છે.

ત્રણેક વર્ષ પહેલા સોયાબિનના ક્વિન્ટલદીઠ ભાવ વધીને રૂ. 10,000 થયા, પછી ભાવ તૂટીને રૂ. 4200 થયા 30મી ઓગસ્ટના અરસામાં રૂ. 4400ની આસપાસ બોલાયા પણ ટેકાના ભાવ રૂ. 4892ના છે

ભારત આગામી દસેક વર્ષમાં તેલિબિયાંના ઉત્પાદનમાં અને ખાદ્યતેલના ઉત્પાદનમાં આત્મનિર્ભર બની જવાનું લક્ષ્ય રાખે છે.

જંગલનો નાશ કરી વસ્તુઓ બનાવીને યુરોપ એક્સપોર્ટ કરશો તો રિજેક્ટ થશે

ભારત સરકાર કૃષિ ઊપજમાં વૅલ્યુ ઍડિશન એટલે કે મૂલ્યવૃદ્ધિ કરીને નિકાસ કરવા પર ફોકસ કરી રહી છે. કૃષિઊપજ પર પ્રોસેસ કરીને તેની નિકાસ વધારવાના પ્રયાસોમાં અને વિદેશી હૂંડિયામણની આવક વધારવાના પ્રયત્નમાં અવરોધ ઊભો થાય તેવો નિર્ણય બ્રિટનના ફૉરેસ્ટ અંગેના નવા નિયમોથી આવી રહ્યો છે. જંગલની જમીનને ખેતી માટેની જમીનમાં રૂપાંતરિત કરવામાં આવે તો યુરોપિયન સંઘના દેશોનો જંગલની જમીન અંગેનો નિયમ લાગુ પડે છે. આ નિયમનો ભંગ કરવામાં આવે તો જે તે દેશને બ્લૅક લિસ્ટ કરી દેવામાં આવે અને તેમાંથી થતી નિકાસ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે તેવી પણ વ્યવસ્થા નવા નિયમો હેઠળ કરવામાં આવી છે. તેમ જ તેમને મોટી રકમનો દંડ કરવામાં આવે તેવી જોગવાઈ પણ કરવામાં આવેલી છે. આ બાબતમાં ભારત સરકારની અને યુરોપિયન સંઘના દેશોની વ્યાખ્યા એકબીજાથી સદંતર અલગ જ છે.

યુરોપિયન સંઘની સંસદે 31મી મે, 2023ના દિને નવા નિયમો તૈયાર કરીને લાગુ કરવાનો નિર્ણય લીધો છે. યુરોપિયન સંઘનાં બજારો માટે આ નિયમો લાગુ કરી દેવામાં આવ્યા છે. વનનો નાશ કરવાની અને વનનું આવરણ ઓછું થવાની બાબત સાથે સંકળાયેલા આ નિર્ણયને પરિણામે યુરોપિયન સંઘનાં ચોક્કસ ઉત્પાદનો અને કૉમોડિટીઓની નિકાસ કરવા પર પ્રતિબંધ આવી જશે. વનનો નાશ કરવાની ચાલી રહેલી પ્રવૃત્તિમાં યુરોપિયન સંઘના દેશોના ફાળાને ઓછો કરી દેવા માટે આ નિયમ લાગુ કરવામાં આવ્યો છે. માત્ર ભારતમાં જ નહિ, વિશ્વના તમામ દેશોમાં વનનું આવરણ ઓછું થઈ રહ્યું હોવાથી આ નિયમ લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. આ રીતે વાતાવરણમાંના કાર્બન ઉત્સર્જનને ઓછું કરવાનો એક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યુરોપિયન સંઘના દેશો પોતાના દેશમાં કાર્બન ઉત્સર્જન ઓછું કરશે તેમ જ કાર્બનના વધી રહેલા પ્રમાણને વૈશ્વિક સ્તરે બાયોડાયવર્સિટી પર પડી રહેલી અવળી અસરને અથવા તો ગ્લોબલ બાયોડાયવર્સિટીને થઈ રહેલા નુકસાનને અટકાવવાના ધ્યેય સાથે નિયમ તૈયાર કરવામાં આવ્યા છે.

સોયાબીન, પામ ઑઇલ, કૉફી, લાકડાં, રબરની નિકાસ ઘટશે

યુરોપિયન સંઘ દ્વારા લાગુ કરવામાં આવેલા નવા નિયમોના અનુચ્છેદ-આર્ટિકલ 1માં કરવામાં આવેલી જોગવાઈને પરિણામે ભારતમાંથી કૉકો, કૉફી, પામ ઑઇલ, સોયાબીન અને સોયાબીનનું તેલ, લાકડું અને પશુધનની નિકાસ કરવા પર અવળી અસર પડી શકે છે. આ નિયમ કચરા તરીકે ફેંકી દેવામાં આવેલી વસ્તુઓમાંથી બનાવવામાં આવેલા પદાર્થમાંથી બનાવેલી વસ્તુઓનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. આ પદાર્થોને આમ પણ ફેંકી જ દેવાના હોય છે. આમ તેના સિવાયની વસ્તુઓ એટલે કે જીવંત ઝાડ કાપીને તેમાંથી બનાવેલી વસ્તુઓની આયાત પર યુરોપિયન સંઘના દેશોએ પ્રતિબંધ લગાવ્યો છે.

નિયમનો ભંગ કરીને એક્સપોર્ટ કરનારાઓને તેમનાં એક્સપોર્ટનાં કન્સાઇનમેન્ટ પહોંચી ગયા પછી પાછા મંગાવી લેવાની ફરજ પડશે. આ રીતે રિટર્ન કરવામાં આવેલાં કન્સાઇનમેન્ટના સંદર્ભમાં નિકાસકાર દેશ કે પછી નિકાસકાર કંપની યુરોપિયન સંઘના દેશો સામે વિશ્વવેપાર સંઘ-વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનના વેપાર માટેના નિયમો હેઠળ તૈયાર કરવામાં આવેલા વાજબી વેપારના નિયમોનો ભંગ કરવા બદલ યુરોપિયન સંઘના દેશો સામે કોઈ દાવો કરી શકશે નહિ. આજની તારીખે ભારતની કૃષિઊપજની નિકાસ 50 અબજ અમેરિકી ડૉલરની આસપાસની છે. આ નિકાસમાં વૃદ્ધિ કરવા માટે ભારત સરકાર તનતોડ પ્રયાસ કરી રહી છે તેમ જ કૃષિક્ષેત્રમાં નવાં નવાં સંશોધન થાય અને ક્લાઇમેટ ચેન્જ સામે ટકી રહીને વધુ ઊપજ આપે તેવા પાકનાં બિયારણ તૈયાર કરાવી રહી છે. તેને માટે 5500 વિજ્ઞાનીઓને તૈયાર કર્યા છે. તેમના પ્રયાસના ફળસ્વરૂપે જ 109 નવાં બિયારણ ઑગસ્ટ, 2024માં લૉન્ચ પણ કર્યાં છે. જોકે કૃષિઊપજને આ નિયમ કઈ રીતે લાગુ પડશે તે એક સમજવાની બાબત છે.

યુરોપિયન સંઘના નવા નિયમોના આર્ટિકલ-3માં કઈ પ્રોડક્ટ્સનો બહિષ્કાર કરવામાં આવશે તેની વ્યાખ્યા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વન કે જંગલનું આવરણ ઓછું ન થયું હોય અને વનમાં નાશ પામેલી અને કચરામાં જાય તેવી વસ્તુઓમાંથી જ પ્રોડક્ટ તૈયાર કરી હશે તો તેની આયાત કરવા દેવામાં આવશે. ભારતમાં વનની વસ્તુઓમાંથી પ્રોડક્ટ તૈયાર કરવા માટે નક્કી કરવામાં આવેલા નિયમ મુજબ જ પ્રોડક્ટ તૈયાર કરવામાં આવ્યા હશે તો જ તેની આયાત કરવામાં આવશે. તેની સાથે ડ્યૂ ડિલિજન્સનું સ્ટેટમેન્ટ આપવું ફરજિયાત કરવામાં આવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો તેમણે નિકાસ કરેલાં ઉત્પાદનો યુરોપિયન સંઘના નિયમોનો ભંગ ન થાય તે રીતે તૈયાર કરવામાં આવ્યાં હોવાનું પ્રમાણપત્ર આપવું પડશે. વનનું આવરણ ઓછું ન કરે તે માટે કરવામાં આવેલી વ્યાખ્યાને સમજવી પણ એટલી જ જરૂરી છે. યુરોપિયન સંઘના નિયમોના આર્ટિકલ 2(3)માં કરવામાં

ડિફૉરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ માટે ઑપરેટરને પણ જવાબદાર ગણ્યા

ઑપરેટરને માથે પણ કેટલીક જવાબદારી નાખવામાં આવેલી છે. ઑપરેટરે દરેક પ્રોડક્ટ્સના સપ્લાયર દ્વારા આપવામાં આવતી સપ્લાય કાયદાકીય જોગવાઈ મુજબની છે કે નહિ તેની ચકાસણી કરવાની રહેશે. તેને માટે તપાસ કરવી પડે તો તપાસ પણ કરવાની રહેશે. તેને મળેલી માહિતીનું વિશ્લેષણ કરીને તારણ રજૂ કરવાનું રહેશે. આ તારણને દસ્તાવેજી સમર્થન પણ મળવું જોઈએ. તેમને ત્યાં મોકલવામાં આવેલી પ્રોડક્ટ્સ આર્ટિકલ 9માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ ડિફૉરેસ્ટેશન ફ્રી છે. યુરોપિયન સંઘે તૈયાર કરેલા કાયદાના આર્ટિકલ 10ની જોગવાઈ મુજબ પ્રોડક્ટ્સ મોકલનાર દેશે કોઈ નિયમનો ભંગ કર્યો છે કે નહિ તેની ચકાસણી કે આકારણી કરીને તારણ રજૂ કરવાની જવાબદારી ઑપરેટરને માથે નાખવામાં આવેલી છે. કોઈ પણ પ્રોડક્ટને બજારમાં મૂકતાં પહેલાં આ વિગતો આપવાની રહે છે.

ડિફૉરેસ્ટેશનના નિયમનો ભંગ કરનારને દંડ થશે

આમ તો 29મી જૂન 2023થી ડિફૉરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ અંગેનાં નિયંત્રણો લાગુ કરી દેવામાં આવ્યાં છે. આ કાયદાકીય જોગવાઈનો ચુસ્ત અમલ 30મી ડિસેમ્બર, 2024થી થશે. આ નિયમોની બાબતમાં જાગૃત થઈ જવાની ઘડી અત્યંત નજીક આવી ગઈ છે. આ નિયમ કે કાયદાકીય જોગવાઈનો ભંગ કરનારા વેપારીઓને દંડ કરવામાં આવશે. યુરોપિયન સંઘના દેશોમાં આ પ્રોડક્ટ્સ મોકલનારને દંડ કરવામાં આવશે. પહેલાં તો તેમને ડિફૉરેસ્ટેશન માટે જવાબદાર હોય તેવી પ્રોડક્ટ્સ માર્કેટમાં ન મૂકવા જણાવવામાં આવ્યું છે. આ પ્રકારની પ્રોડક્ટ્સ માર્કેટમાં આવતી અટકાવવાની તેમની જવાબદારી છે. તેમણે ડિફૉરેસ્ટેશન માટે જવાબદાર બની હોય તેવી પ્રોડક્ટ્સ બજારમાં મૂકી હોય તો તેવા સંજોગોમાં તે પ્રોડક્ટ્સ વેચાઈ ગઈ હશે તો તેના ખરીદનારા પાસેથી પાછી મગાવી લેવાની રહેશે. આ ગુના માટે ઑપરેટર્સને મોટી રકમનો દંડ કરવામાં આવશે. દંડની આ રકમ છેવટે તો ભારતના નિકાસકાર પાસેથી જ વસૂલવામાં આવશે. આ નિકાસકારને બ્લૅક લિસ્ટ કરી દેવામાં આવશે. નાના અને મધ્યમ ઉદ્યોગો માટે આ સંદર્ભમાં અલગ નિયમો-નિયંત્રણો રાખવામાં આવ્યાં છે. તેથી જ નિકાસકારોએ યુરોપિનય સંઘના જે તે દેશ સાથે નિકાસ માટેના કરાર કરેલા હોય તો તેમણે તેમના કરારને નવેસરથી તૈયાર કરીને તેના પર સહીસિક્કા કરી લેવાના રહેશે. આ બાબતમાં સુસ્તી દાખવનાર નિકાસકારોએ સમય જતાં પસ્તાવું પડે તેવું બની શકે છે...

આવેલી જોગવાઈમાં જણાવવામાં આવ્યું છે કે જંગલની જગ્યાને ખેતીલાયક બનાવીને તેના પર ખેતી કરવામાં આવતી ન હોવી જોઈએ. તેમ ન કરીને ખેતરની જમીન પર ઉગાડવામાં આવેલી વનસ્પતિમાંથી બનાવવામાં આવેલી પ્રોડક્ટ્સની જ નિકાસ કરી શકાશે. માનવે કરેલી દરમિયાનગીરીથી કે અન્ય રીતે જંગલની જમીન ખેતરમાં રૂપાંતરિત થઈ હશે તો તેમાં થતી ઊપજોને નિકાસને પાત્ર ગણવામાં આવશે નહિ. કૃષિવપરાશ માટેની જમીનની વ્યાખ્યા આર્ટિકલ 2 (5) માં આપવામાં આવેલી છે. તેમાં ઍગ્રિકલ્ચર પ્લાન્ટેશનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ખેતરના શેઢા પર લગાડવામાં આવેલી વનસ્પતિને પણ તેમાં આવરી લેવામાં આવેલી છે. યુરોપિયન સંઘના નિયમોમાં વનનું આવરણ ઓછું કરે તેવી ઊપજોનો એટલે કે ડિફૉરેસ્ટેશન ફ્રીનો અર્થ સમજાવવામાં આવ્યો છે. પહેલું, 31મી ડિસેમ્બર, 2020 પછી જે પ્રોડક્ટ્સ જમીન પર ઉગાડવામાં આવેલી યોગ્ય કૉમોડિટીઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી હશે અને તેને કારણે જમીન પરનું વનનું આવરણ ઓછું ન થયું હોય તેવી પ્રોડક્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજું, 31મી ડિસેમ્બર, 2020 પછી વન કુદરતી રીતે ખતમ થયું હોય અને વનનું આવરણ ઓછું થયું હોય અને તેમાં કોઈ જ કાપણી કે લણણી ન કરવામાં આવી હોય અને જે લાકડું મળ્યું હોય તે લાકડામાંથી બનાવેલી વસ્તુઓની જ નિકાસ કરી શકાશે. તેની સાથે ભારતના ફૉરેસ્ટ કન્વર્ઝન ઍક્ટ 1980

અને સુધારેલા ફૉરેસ્ટ કન્વર્ઝન ઍમેન્ડમેન્ટ ઍક્ટ 2023માં કરવામાં આવેલી સુધારેલી જોગવાઈને પણ ધ્યાનમાં લેવાની રહેશે. તેમાં ડિસેમ્બર 12, 1996 પૂર્વે વનની જમીનને બિનજંગલની જમીન તરીકેના વપરાશ માટે લેવાના નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આમ ભારતની વનની જમીન અંગેની વ્યાખ્યા અને યુરોપિયન સંઘના નવા નિયમો હેઠળની વનની વ્યાખ્યા એકબીજાને મેળમાં નથી. તેથી જ યુરોપિયન સંઘના દેશો સાથે વનની વસ્તુઓમાંથી બનાવેલી ચીજવસ્તુઓનો વેપાર કરવા ઇચ્છનારે ધ્યાનમાં રાખવાની રહેશે. ભારતના નિયમો અને યુરોપિયન સંઘના નિયમોમાં સુમેળ નહિ હોય તો તેવા સંજોગોમાં યુરોપિયન સંઘના નિયમોને અનુસરવાનું રહેશે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ કોઈ પણ નિકાસકારે વેપાર કરવાનો રહેશે.

આ નિયમ અને તેને કારણે ઊભી થનારી પરિસ્થિતિનો સાર એ જ છે કે 31મી ડિસેમ્બર, 2020 પછી પરવાનગી વિના જ જંગલની જમીનનો ખેતીની જમીન માટે ઉપયોગ કરવામાં આવશે તો તેના પર ઉગાડવામાં આવેલી વસ્તુઓની નિકાસ યુરોપિયન સંઘના દેશોમાં કરી શકાશે નહિ, કારણ કે તેનાથી જંગલનું આવરણ ઓછું થાય છે. જંગલનું આવરણ ઓછું થવાની સાથોસાથ તે જમીન

પર ઉગાડવામાં આવતી કૉમોડિટીને આયાતને પાત્ર ગણવામાં આવશે નહિ.

જમીનનું ભૌગોલિક સ્થળ પ્રસ્થાપિત કરવાની જરૂરિયાત છે. અક્ષાંશ અને રેખાંશના પટ્ટા પર જે તે જમીન ક્યાં આવેલી છે તે પણ પ્રસ્થાપિત કરવું જરૂરી છે. આ શરતનું પાલન કરવું અત્યંત કઠિન કે મુશ્કેલ છે, કારણ કે તેને લગતા પુરાવાઓ 31મી ડિસેમ્બર, 2020થી આપવાના છે. આ અંગે ઘણી સ્પષ્ટતાઓ કરવામાં આવેલી છે. તેને માટેના ટેક્નોલૉજી આધારિત ઉકેલ પણ આપવામાં આવ્યા છે. 31મી ડિસેમ્બર, 2020ના જમીનનું સ્ટેટસ શું હતું તે તેનાથી પ્રસ્થાપિત કરી શકાશે. જંગલનું આવરણ ઓછું થયું હોય તેને માટે ડિફૉરેસ્ટેશન શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આર્ટિકલ 2 (7)માં ફૉરેસ્ટ ડિગ્રેડેશનની વ્યાખ્યા આપવામાં આવેલી છે. તેનો અર્થ એ થાય છે કે જંગલના આવરણમાં માળખાકીય ફેરફાર થઈ ગયા હોય તેને જંગલના આવરણમાં ઘટાડો થયેલો ગણવામાં આવશે. પ્રાથમિક જંગલનું કે પછી કુદરતી રીતે ઊગતાં અને નાશ પામતાં ઝાડવાંઓના વિસ્તારને પ્લાન્ટેશન કરીને જંગલમાં રૂપાંતરિત કરવો તેને વનીકરણ ગણવામાં આવે છે. લાકડાંવાળી જમીન અથવા તો પ્લાન્ટેશન કરીને વિકસાવેલા જંગલ તરીકે ઓળખાવવામાં આવે છે. તેથી જ વનનું-જંગલનું આવરણ ઓછું થવા માટે એક વાત સ્પષ્ટ હોવી જોઈએ કે જંગલનો ઉપોયગ ખેતીની જમીનમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યો છે. જંગલમાં વસતા લોકોના અધિકારોનું રક્ષણ પણ થવું જરૂરી છે.

યુરોપિયન સંઘના દેશોએ ડિફૉરેસ્ટેશન અંગે નક્કી કરેલા નિયમોને પરિણામે તેનાં ઉત્પાદનોનો વેપાર કરનારાઓ વેપારીઓ અને ઑપરેટર્શને માથે બહુ જ મોટી જવાબદારી આવી જાય છે. યુરોપિયન સંઘે તૈયાર કરેલા કાયદાના આર્ટિકલ 2/15માં ટ્રેડર-ઑપરેટર કોને કહેવામાં આવશે તેની વ્યાખ્યા આપવામાં આવેલી છે. વાણિજ્યિક પ્રવૃત્તિ થતી હોય તેવા વિસ્તારમાં તેની પ્રોડક્ટ્સને મૂકીને તેનો વેપાર કરતી હોય અને તેની નિકાસ પણ કરતી હોય તેવી વ્યક્તિને વેપારી કે ઑપરેટર ગણવાનું નક્કી કરવામાં આવ્યું છે તેમ જ ટ્રેડરની

વ્યાખ્યા આર્ટિકલ 2/17માં પણ આપવામાં આવી છે. બજારમાં વિતરણ કરવા માટે કે વપરાશ કરવા માટે કે પછી ઉપયોગ કરવા માટે બજારમાં પ્રોડક્ટ્સ ઉપલબ્ધ કરાવનારને ટ્રેડર તરીકે ઓળખાવવામાં આવ્યો છે. સપ્લાય ચેઇનમાં ઑપરેટર ટ્રેડર તરીકે કામ કરતો હોય તો તેને પણ આ જ આર્ટિકલની જોગવાઈ લાગુ પડી શકે છે. કોઈ ભારતીય સપ્લાયરની શાખા યુરોપિયન સંઘના દેશોમાં હોય તો તેવા સંજોગોમાં તેને પણ ઑપરેટર તરીકે કે પછી વેપારી તરીકે ગણતરીમાં લેવામાં આવશે. હા, તેઓ કઈ રીતે કામ કરે છે તેને પણ ધ્યાનમાં લઈને તેને કઈ કૅટેગરીમાં મૂકવો તે અંગે નિર્ણય લેવામાં આવશે.

વન-જંગલમાંનાં આડપાં કાપીને તેમાંથી બનાવેલી કોઈ વસ્તુ એક્સપોર્ટ કરવામાં આવશે તો તેમને યુરોપિયન સંઘના દેશો બ્લૅક લિસ્ટ કરી દેશે, તેમના પર પ્રતિબંધ મૂકશે

નિયમનો ભંગ કરીને એક્સપોર્ટ કરનારાઓને તેમનાં એક્સપોર્ટનાં કન્સાઇનમેન્ટ પહોંચી ગયા પછી પાછાં મંગાવી લેવાની ફરજ પડશે

ખેડૂતો પંચસ્તરીય ખેતી કરીને કમાણી વધારે

નર્સરીમાંથી રોપો લાવીને રોપવામાં આવે તો તેનુ ખીલા મૂળ હોતું નથી. તેથી વંટોળ વખતે તે ઝાડ સરળતાથી પડી જાય છે. પરંતુ ગોટલો રોપીને ઝાડ ઉગાડવામાં આવે તો તેના મૂળ મજબૂત રહે છે.

સુડાવડ ગામના ગોલણ વાળાએ છ વિઘા જમીનમાં 1000થી વધુ વૃક્ષનું વાવેતર કરી ઘટાદાર જંગલ બનાવીને નિશ્ચિત આવક કરવાનો રસ્તો બનાવી દીધો

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સુડાવડ ગામના ખેડૂત ગોલણ વાળાને ખેતી બેન્કે પંચસ્તરીય ખેતી કરીને ખેડૂતોને આવકવૃદ્ધિનો નવો માર્ગ દેખાડવા બદલ ખેતી બેન્કે એવોર્ડને પાત્ર ઠેરવ્યા છે. બાગાયતી ખેતી સાથે તેમણે મૂલ્ય વર્ધન પણ કરીને ખેડૂતોને નવો રાહ ચીંધ્યો છે. ખેતી કરો અને આવક વધારોના સૂત્ર સાથે ત્રણ વર્ષથી ચાલુ કરેલી આ પ્રવત્તિ આજે તેમને વરસે માત્ર તેમના ખેતરમાં થતી ખેતી પર દેખરેખ રાખવાના અંદાજે રૂ. ૪ લાખની આવક કરાવી રહી છે. ગોલણ વાળા પાસે કુલ 30 વિઘા જમીન છે. તેમાંથી છ વિઘા જમીનમાં તેઓ પંચસ્તરીય ખેતી કરી રહ્યા છે. તેમાંય આંબા તો ગોટલા રોપીને ઉછેર્યા છે. કલમ કરીને કે રોપા લાવીને રોપ્યા નથી. છ વિઘાની જગ્યામાં આંબા ઉપરાંત જામફળ, સીતાફળ, લીંબું અને સરગવાના વૃક્ષો વાવ્યા છે. બાય બાવીસના કોરે આંબો લગાવ્યો છે. તે ચોરસના સેન્ટરમાં સરગવે લગાવ્યો છે. ગોલણ વાળા કહે છે, “સરગવાનું વૃક્ષ જામફળ, સીતાફળ, આંબા અને લીંબુંના વૃક્ષોને નાઈટ્રોજન પૂરું પાડે છે. તેમ જ બે આંબાની ઊભી લાઈનમાં એક જામફળ અને એક સીતાફળ એમ વારાફરતી વૃક્ષો રોપ્યા છે. સીતાફળ અને જામફળ મિડીયમ કદના વૃક્ષ છે. તેમને સો ટકા તડકો ખપતો

બાવીસ બાય બાવીસના ચોરસમાં ચાર કોરે આંબા, બે આંબાની વચ્ચે એક જામફળ અને સીતાફળ તથા લીંબું તેમ જ ચોરસમાંના તમામ વૃક્ષના સેન્ટરમાં દરેક વૃક્ષને નાઈટ્રોજન પૂરો પાડતો સરગવો લગાવ્યો છે

જ નથી. તેમને છાયડામાં રાખવામાં આવે તો વધુ સારા ફળ આપે છે. મોટા થતાં આંબાના વૃક્ષનો છાયડો બંને વૃક્ષને મળી રહે તેની તકેદારી રાખવામાં આવી છે. તેમાં જંતુનાશક દવા કે રાસાયણિક ખાતર નાખતો જ નથી. તેથી સીતાફળ અને જામફળના વૃક્ષને છાયડો મળે તે જરૂરી છે. આ સીતાફળ અને જામફળની ખેતી કરવાની એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે.” છ વિઘામાં 260 આંબાના 125-125 જામફળ અને સીતાફળના ઝાડ રોપ્યા છે. તેમ જ લીંબું અને સરગવાના પણ 260-260 ઝાડ છે. આમ છ વિઘા જમીનમાં પાંચ પ્રકારના 1000થી વધુ ઝાડ રોપવામાં આવ્યા છે.

પંચસ્તરીય ખેતી કરવાના ફાયદાનો અંદાજ આપતા ગોલણ વાળા કહે છે, “માત્ર આંબાની જ વાડી કરવામાં આવે અને ઊનાળામાં કમોસમી વરસાદ પડી જાય તો તેવા સંજોગોમાં આંબાનો પાક ખરાબ થઈ શકે છે. પરંતુ તેની સાથે વાડીમાં સીતાફળ અને જામફળ કે પછી સરગવો અને લીંબુંના ઝાડ હોય તો તેના થકી આવક થતી રહે છે. જામફળ દિવાળીના અરસામાં થાય છે. તેના થકી આવક ચાલુ રહે છે. જામફળમાં તાઈવાન પિન્કની કલમ લગાડી હોવાથી જામફળનો પાક બારે માસ મળે છે. સીતાફળ પણ દિવાળીના અરસામાં આવે છે.”

છ વિઘામાં બાગાયતી પાક લેવા માટે કોઈ મોટો ખર્ચ કરવો પડતો નથી. આંબાના ગોટલા મળી રહે છે. સીતાફળ અને જામફળના બીજ

ખાટી છાશમાં તાંબાનો વાટકો, ગૌમૂત્ર નાખી છાંટી દો

ખેડૂત ગોલણ વાળા કહે છે કે ગાયના દૂધમાંથી બનેલી જૂની છાશ ભેગી કરી લો. તેમાં તાંબાનો વાટકો નાખી દો. આ ખાટી છાશમાં તાંબાનો વાટકો નાખી દીધા બાદ તેને રહેવા દેતા તે પાકને માટે ઉપયોગી કોપર સલ્ફેટ પૂરું પાડા છે. આમ 500 મિલીલીટર છાશ અને 250 મિલિલીટર ગૌમૂત્ર મિક્સ કરીને તેમાં 10 લિટર પાણી ઉમેરી આખા ખેતરમાં છાંટી દો તો રોગ લાગુ પડશે નહિ

માટે બહુ મોટો ખર્ચ આવતો નથી. પ્રાકૃતિક ખેતીમાં બહુ ખર્ચ આવતો નથી. ખાતરનો કે બિયારણનો ખર્ચ પણ આવતો નથી. કારણ કે રાસાયણિક ખાતરનો જરાય વપરાશ કરવામાં આવતો નથી. બીજું, દેશી આંબાના ગોટલા રોપ્યા છે. આ ગોટલામાંથી ચાર પાંચ ઊંચા આંબા થયા છે. આ આંબાને હવે કલમ લગાડવામાં આવશે. નર્સરીના નિષ્ણાત માણસ એક કલમ લગાડવાનો માત્ર પાંચથી છ રૂપિયાનો ખર્ચ થાય છે. નર્સરીમાંથી રોપો લાવીને રોપવામાં આવે તો તેનુ ખીલા મૂળ હોતું નથી. રોપામાં ખીલા મૂળ તૂટી ગયેલું હોય છે. ખીલા મૂળ જમીનમાં વીસ ફૂટ ઊંડું ઉતરે છે. તેથી તેની મજબૂતી વધારે હોય છે. રોપાના મૂળ બહુ ઊંડાઈ જતાં ન હોવાથી વંટોળ વખતે તે ઝાડ સરળતાથી પડી જાય છે. પરંતુ ગોટલો રોપીને ઝાડ ઉગાડવામાં આવે તો તેના મૂળ મજબૂત રહે છે. તેનાથી કુદરતી તોફાનના સમયમાં ઝાડ વધુ મજબૂતીથી ટકી રહે છે. તેને સારી વરાયટીની કેસર કેરીની કલમ લગાડી દો એટલે દેશી કેરીના વૃક્ષ કેસર કેરીના વૃક્ષમાં રૂપાંતરિત થઈ જાય છે. આંબાની ડાળી આપણા હાથની આંગળી જેવડું જાડું થાય તે તબક્કે તેના પર કલમ લગાડી દેવામાં આવે છે. રોપાથી ખેતી કરવામાં સમય જતાં મોટું નુકસાન કરવાની નોબત આવી શકે છે.

ખેડૂતનું આખું વર્ષ ધોવાઈ જવાની શક્યતા ઓછી

એક જ ખેતરની જમીનમાં પાંચ અલગ અલગ પ્રકારના વૃક્ષનું વાવેતર કરવામાં આવતું હોવાથી તેને પંચસ્તરીય ખેતી તરીકે ઓળખાવવામાં આવે છે. આ અલગ અલગ ઝાડવાઓ એક બીજાને પોષણ આપવાનું પણ કામ કરે છે. તેમની વચ્ચે પણ પાડોશીઓ જેવો વાટકી વહેવાર થતો જ રહે છે. વૃક્ષની વિવિધતાને કારણે રોગ જીવાતનું આક્રમણ પણ ઓછું થાય છે. પાંચ પ્રકારના ઝાડની વચ્ચે શાકભાજીના પાક પણ લેવામાં આવી રહ્યા છે. 30 વિઘામાં થતાં શાકભાજીના પાક માટે વરસે આઠ લાખ રૂપિયા રોકડા કંપની આપી દે છે. ખેડૂત તરીકે ગોલણ વાળાને કોઈ જ ખર્ચ કરવો પડતો નથી. 30 વિઘા જમીનમાં શરૂઆતથી જ એકાંતરે 200 કિલોથી વધુ શાક ઉતરે છે. સમય જતાં એક દિવસમાં 1000 કિલો શાક પણ ઉતરશે.

વૃક્ષોની વાડીમાં ખાતર કયું નાખવામાં આવે છે

વૃક્ષોની આ વાડીમાં મારી પાસેની ચાર ગાયના તાજાં છાણમાંથી જીવામૃત બનાવીને તે ખેતરમાં નાખી રહ્યો છું. 180 લિટર પાણીમાં દસ કિલો ગાયનું છાણ અને દસ લિટર ગૌમૂત્ર નાખવામાં આવે છે. એક કિલો ગોળ, એક કિલો ચણાનો લોટ નાખવામાં આવે છે. ગાયના છાણમાંના પોઝિટિવ બેક્ટેરિયા પ્રોટીન પર નભે છે. તેમને સક્રિય કરવા માટે જીવામૃતમાં ચણાનો લોટ નાખવામાં આવે છે. ગોળમાંથી તે બેક્ટેરિયાને ગ્લુકોઝ મળે છે. તેથી તેમની વસતિમાં વધારો થાય છે. જીવામૃતના મિશ્રણમાં વડલા, પીપળા જેવા અવાવરું ઝાડના થડ પાસે પડેલી એક ખોબા જેટલી માટી પણ ઉમેરવામાં આવે છે. આ માટેમાં એરોબિક બેક્ટેરિયા હોય છે. આ બેક્ટેરિયા જમીનની છ ઈંચની ઊંડાઈથી નીચે જાય તો શ્વાસ લઈ શકતા નથી. ગાયના છાણમાંના અનએરોબિક બેક્ટેરિયા ગાયના આંતરડાંમાંથી આવે છે. તેને શ્વાસ લેવાની જરૂર જ નથી. આ બંને બેક્ટેરિયા દરેક વૃક્ષનો પોષણ આપવાની મહત્વની ભૂમિકા ભજવે છે. કુદરતી જમીનમાં ખનીજ તત્વોનો ભંડાર છે. તેમાં ઉપરથી નાઈટ્રોજન, પોટાશ, કેલ્શિયમ, ફોસ્ફરસ સહિતનીકંઈ જ ઉમેરવાની જરૂર નથી. આ ખનીજ તત્વોને વૃક્ષને પોષણ આપતા તત્વોમાં રૂપાંતરિત કરવાનું કામ આ બેક્ટેરિયા કરે છે. એક જ ફળની વાડી કરવામાં આવે અને તેના પાક લણવાની સીઝનમાં કુદરતી આફત-વાવાઝોડું કે વરસાદ પડે તો પાક બગડે તો ખેડૂતનું આખું વરસ બગડી જાય છે. પંચસ્તરીય ખેતીમાં પાક લેવાની સીઝન અલગ અલગ હોવાથી સો ટકા નુકસાન થવાની શક્યતા ઘટી જાય છે.

પંચસ્તરીય ખેતીના મળતા લાભને ધ્યાનમાં લઈને આખા 30 વિઘા જમીનમાં પંચસ્તરીય ખેતી કરવાની ઈચ્છા ધરાવે છે.

દસ વૃક્ષના પાનમાં ગૌમૂત્ર નાખી જંતુનાશક બનાવો

ધતૂરો, કડવો લીમડો, આંકડો, સીતાફળ, ગાંડી વેલ, ગલગોટો, બિલીના પાન, પપૈયા અને એરંડાના પાન 2-2 કિલો એકઠા કરી લો. કુવાડિયાના પાન પણ તેમાં લઈ શકાય છે. 200 લિટરના બેરલમાં 150 લિટર પાણી ભરો. બે કિલો ગાયનું તાજું છાણ નાખી દો. બીજા દિવસે તેમાં એક કિલો તમાકુ નાખી દો. એક કિલો તીખાંતમતમતાં મરચાંને વાટીને નાખી દો. તદપરાંત તેમાં 500 લસણ અને 500 આદુ વાટીને નાખી દો. 100 ગ્રામ હિંગ પણ નાખો. ત્યારબાદ ત્રીજા દિવસે તેમાં 20 કિલો દસ પ્રકારના કડવા પાન નાખી દો. 20 લિટર ગૌમૂત્ર નાખો. આ મિશ્રણને ચાળીસ દિવસ રહેવા દો. તમારા માટે ખેતરમાં છાંટવાનું જંતુનાશક દ્રવ્ય તૈયાર થઈ જશે. આ દવાને દશપર્ણી જંતુ નાશક તરીકે ઓળખાવવામાં આવે છે. તદુપરાંત અગ્નાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર 48 કલાકમાં બનાવી શકાય છે. તેમાં જુદાં જુદાં પાનને ગૌમૂત્રમાં નાખીને ઉકાળવાના હોય છે. આ દવા માત્ર 48 કલાકમાં તૈયાર થઈ જાય છે.

એક જ ખેતરમાં અનેક ફળ અને શાકભાજીની ખેતી કરો

ભા 65 વર્ષ ખેડૂત ભીખાભાઈ હીરાભાઇ ભુટકાનું ખેતરમાં પંચસ્તરિય ખેતી થઈ રહી છે. પંચસ્તરિય બાગની ખેતીમાં એક સાથે ઓછામાં ઓછા પાંચ ફળ પાકોનું વાવેતર કરાય છે. તેમણે 24 બાય 24 ફૂટના અંતરે વૃક્ષોનું વાવેતર કર્યું છે. તેમાં મુખ્ય પાક આંબાનો છે. સૌ પ્રથમ કેળા, આંબા, જામફળ, સંતરા, કેળ, સીતાફળ, સરગવો, નારીયેળી, ફાલસા, અંજીર, ખારેક, મહોગુણી, લીમડા, ચંદન, બોરડી મળીને 18 પ્રકારના વૃક્ષો વાવ્યા છે. ભીખાભાઈએ ફળોની વાડી વચ્ચેની જગ્યામાં ચોમાસામાં બંસી ઘઉ પણ વાવેલા હતા. આંતરપાક તરીકે ઘણીવાર ચણાનો પાક પણ લઈ લે છે. ધાણાનો પાક પણ વચ્ચે વચ્ચે લઈ લે છે. તેમાં જ ઘઉંનું ઉત્પાદન 60 મણ જેટલું મેળવવામાં સફળતા મેળવેલી છે. ખરીફ ઋતુમાં કઠોળ પાક તરીકે અડદનું વાવેતર કર્યું હતું. ઉનાળામાં મિશ્ર શાકભાજી વાવેતર કરે છે. હા, તેઓ દસ વિઘા જમીનમાં સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

દસ વિઘાના એક જ ખેતરમાં 18 પ્રકારના વૃક્ષો રોપીને આંતરપાક તરીકે ઘઉ, ચણા, ધાણા, કઠોલ, અડદનો પાક લેવા ઉપરાંત જુદા જુદાં શાકભાજીનો પણ પાક લઈ શકાય

પ્રાકૃતિક ખેતી કરતાં ભીખાભાઈ ભુટકા તેમના ખેતર ક્યારેય ખેડતા નથી. જમીનમાં એકત્રિત થયેલો કાર્બન ઉડી ન જાય તેની પૂરી કાળજી રાખે છે. ભીખાભાઈ 2016 પ્રાકૃતિક ખેતી શરૂ કરી છે. પ્રાકૃતિક ખેતીમાં તેમને હવે રાસાયણિક ખાતરથી કરાતી ખેતી કરતાં 30 ટકા વધારે આવક મળે છે. ભીખાભાઈ પાસેની કુલ 20 વીઘા જમીનમાંથી 10 વીઘામાં પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક ખેતી માટે ઉપયોગી વસ્તુ તેઓ બહારથી લાવતા જ નથી. ખેતરની વસ્તુ ખેતરમાં જ બનાવે છે. આમ કરીને તેઓ બે ગણી આવક મેળવે છે. ધરતી બંજર-કસહીન ન બને, કુટુંબના સભ્યોને રસાયણિક ખાતરના ઝેર વગરનું ખાવાનું મળે અને બીજાને રસાયણો વગરનો ખોરાક મળે તે માટે તેઓ પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ભીખાભાઈના ખેતરમાં થતાં ચણા, કૂરી, બન્ટી, સવા જેવા પાકમાંથી ઘઉ મણદીઠ રૂ. 400 થી 500 રૂપિયા ઘઉ વેચાય છે. આ જ ઘઉ ઓનલાઈન ટ્રેડિંગમાં મણે વાવે છે. શાકભાજીમાંથી તેઓ રોજ રૂ. 200થી રૂ. 500ની આવક મેળવે છે. રોજની 600-700 ગવાર કાકડી વેચે છે.

અન્ય ખેડૂતો

વેરાવળ તાલુકાના હસનાવદર ગામમાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રતાપ બારડ પંચસ્તરિય મોડલમાં નારિયેળીના બગીચામાં સરગવો, પપૈયા, કેળ, શેરડીનું વાવેતર કર્યું હતું. તેમાં ઘાસચારો ઉગાડીને પશુનિભાવ ખર્ચ ઘટાડી શકાય છે.

શાકભાજી વાવી શકાય

ગીર સોમનાથના વેરાવળના ઇન્દ્રોઈ ગામે ખેડૂત ચેતન બારડ નાળિયેરીના બગીચામાં સરગવો, પપૈયા, કેળ અને નીચે હળદરનું વાવેતર કર્યું હતું. હસનાવદર ગામમાં આ રીતે ખેતી કરવામાં આવે છે.

નાના ખેડૂતો

દેશમાં નાના અને સીમાંત ખેડૂતોની સંખ્યા લગભગ 86 ટકા છે. ઓછી જમીનને કારણે આવા ખેડૂતો માટે ખેતી દ્વારા પરિવારનું ગુજરાન ચલાવવું સરળ નથી. આવા ખેડૂતો માટે મલ્ટિલેયર ફાર્મિંગ મોડલ ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે.

ગુજરાતમાં 47 લાખ નાના ખેડૂતો પાસે જેટલી જમીન છે એટલી જમીન 8.32 લાખ મોટા ખેડૂત પાસે છે. તેનો સીધો મતલબ એ થયો કે રાજ્યમાં હાલ કુલ 55 લાખ ખેડૂતો છે તેમાં 13 ટકા ખેડૂતો પાસે જેટલી જમીન છે એટલી જમીન બાકીના નાના 87 ટકા ખેડૂતો પાસે છે.

અડધા હેક્ટરના ખેતર 2001માં 6 લાખ ખેડૂતો પાસે હતા, જે 2011માં 10 વર્ષ પછી 12 લાખ થઈ ગયા હતા. બે હેક્ટર જમીનના 40 લાખ ખેતર ગુજરાતમાં છે. ત્રણ વીઘા જમીન સાથે મજૂરી કરતા હોય એવા ખેડૂતો 20 લાખ છે. તેમના માટે પંચ સ્તરીય ખેતી સૌથી વધારે ફાયદો કરાવી શકે તેમ છે.

પંચસ્તરીય નવી ખેતી

એક સાથે ફળ વૃક્ષ, વેલા, 2થી 2.50 ફૂટના અંતરે વાવી શકે છે. નાના છોડ, જમીન પર ભાજી, જમીનની નીચે કંદમૂળ વાવીને પંચ સ્તરની ખેતી કરી શકે છે. જેમાં તેઓ અનેક પ્રકારના ફળ, શાક, ભાજી વાવી શકે છે. તેને બહુસ્તરીય કે મલ્ટિલેયર ખેતી પણ કહે છે. જેમાં સારી કમાણી થઈ શકે છે. ટામેટા, કોબી, કાકડી, ગલકા, હળદર, કોથમીર, ભાજીનું એક જ ક્યારામાં થઈ શકે છે. ફળના વૃક્ષો નીચે 2.5 ફૂટની ઊંચાઈ સુધી વેલા રખાય છે. જમીનના તળિયે કોથમીર કે ભાજી, લસણ, ડુંગળી, કંદમૂળનું વાવેતર થઈ શકે છે. બેથી અઢી એકર જમીનમાં વાર્ષિક 7 થી 8 લાખ રૂપિયાનો નફો કરી શકાય છે.

10 ગામની કંપની

પાંચ વર્ષથી પાલનપુર તાલુકાનાં 10 ગામના ખેડૂતોએ ગઢમાં ખેત ઉપજ વેચવા પોતાની કંપની -એફ.પી.ઓ. એટલે કે કૌશલ રત્ન ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન ઊભી કરી છે. આ કંપનીના અધ્યક્ષ ભીખાભાઈ ઘઉ, એરંડા, મગફળીના બિયારણ આપીને તેનું ઉત્પાદન કંપની ખરીદે છે. કંપની ઘઉ, એરંડા, મગફળીનું પ્રોસેસિંગ કરીને માર્કેટમાં વેચાણ કરવાની છે.

હસમુખ પટેલ

સાબરકાંઠાના પ્રાંતિજના પલ્લાચર ગામના ખેડૂત હસમુખ પટેલ પ્રાકૃતિક ખેતી કરે છે. ઘનજીવામૃત 50 કિલો ગ્રામની બેગ રૂ. 330માં ન નફો ન નુકસાનના ધોરણે વેચી રહ્યા છે. એફ.પી.ઓ. દ્વારા ઉત્પાદનો વેચે છે. પંચસ્તરિય પે.ટી.એમ. મોડલ ફાર્મિંગ કર્યું છે. 20 પ્રકારના ફળ વૃક્ષોના રોપા વાવ્યા છે. સફેદ જાંબુ, સ્ટાર ફ્રુટ, સીંગાપુર ચેરી, સફરજન, પમેલા, રેડ માલ્ટા, પેશન ફ્રુટ, લીચી, આવાકાડો, વોટર રેપલ, ગ્રોસ બેરી, અંજીર,દાડમ,ચીકુ, સીતાફળ, બોના નાળિયેર, લવિંગ, ઈલાયચી, જાયફળ, લસણ વેલ, ઓલ સ્પાઈસી, લીંબુ વગેરેના છોડવા અત્યારે ઉછેર્યા છે.

સુરત

સુરતના પલસાણાના અંભેટી ગામના ખેડૂત કમલેશ પટેલ 13 વીઘા જમીનમાંથી 1 એકર જમીનમાં પંચસ્તરિય કરે છે. જેમાં આમળા, લીંબુ, જાંબુ, શેતુર, કમરખ, જમરૂખ, દાડમ, સીતાફળ અને સરગવાના વૃક્ષો છે. એક એકર જમીનમાં રાસાયણિક ખેતીનો રૂ. 28 હજારનો ખર્ચ થાય છે, જ્યારે પ્રાકૃતિક ખેતી કરતા ફક્ત રૂ.2 હજારનો ખર્ચ થાય છે. એવું તેઓ માને છે.

મહિસાગર

મહિસાગરના હડમતીયા ગામના શૈલેષ પટેલે પ્રાકૃતિક કૃષિમાં પંચસ્તરિય ખેતી અપનાવી ઓછી જમીનમાં વધુ આવક મેળવી છે.

એક જ ચાસમાં અનેક ફળના વૃક્ષ વાવેતર

એક એકરમાં તેમણે ફળના વૃક્ષો ઉગાડેલાં છે. તેમાં તેઓ વિવિધતા લાવ્યા છે. એક વૃક્ષની અડીને બીજું વૃક્ષ વાવે છે. આંબા:- આંબાના 80 છોડ છે. 40 કિલો કેરી થઈ છે. આંબામાં રોગ આવે તો જીવામૃતનો ઉપયોગ કરે છે.

હળદર: આંબાની કોરેમોરે હળદર વાવી છે. 8 મહિને થડની આસપાસ ઉત્પાદન મળશે. હળદર ગરમી સહન ન કરી શકે તેથી તેને આંબોનો છાંયો મળી રહે છે.

ફાલસા: ફાલસાના 24 છોડ વાવ્યા છે. આ વર્ષે તેમણે રૂ. 17 હજારના ફાલસા વેચ્યા છે. જેનો ભાવ 400 રૂપિયે કિલો મળ્યા છે.

અંજીર: અંજીરના 8થી 10 છોડ છે, જેમાં નાના ફળ ઉતરે છે. આવતા વર્ષે પાક સારો થશે.

જામફળ: 100 વૃક્ષ છે. તેના થકી પણ સારી આવક મેળવી રહ્યા છે.

સંતરા: સંતરાના વૃક્ષના 10 નંગ છે. તેના પર ફળ બેસવા માંડ્યા છે. તેનો કોઈ જ રોગ લાગુ પડ્યો નથી. હવે ઉત્પાદન થશે. તેની સાથે આવક પણ શરૂ થશે.

સરગવો: સરગવો 4 વૃક્ષ છે. નાઈટ્રોજનના બદલામાં સરગવો પુરા પાડે છે. સિંગ વેચે છે. ફળ અને પાનનો પાવડર વેચે છે. કિલોદીઠ રૂ.800ના કિલોના ભાવે ગયા વર્ષે કુલ રૂ.52 હજારનો પાવડર વેચ્યો હતો. આ રીતે તેઓ ત્રણ વર્ષથી વેચાણ કરી રહ્યા છે. તેમના ખેતરમાં બારે મહિના સીંગનો ફાલ આવવાનું ચાલું રહે છે.

નારંગી: 10 છોડ છે. ફળ આવી ગયા છે. પણ સફળતા મળે એવું ઓછું છે.

પપૈયા: પપૈયાના 80 છોડ છે.

સફરજન: સફરજન 5 છોડ છે. 3 જીવે છે. સફરજન આવે છે. પણ ઉત્પાદન હજું શરૂ થયું નથી. સફળતા મળે એવું લાગતું નથી.

નાળિયેરી: નાળિયેરી 20 છોડ છે. હવે ઉત્પાદન ચાલુ થશે.

ખારેક: ખારેક 20 છોડ છે. ખારેક આવી ગઈ છે. સફળ છે.

સીતફળ: 5 છોડ છે.

તજ : સારા પરિણામ નથી.

રોગ નિવારણ: વૃક્ષોની વચ્ચે હજારી ગલ છોડ વાવે છે. ફુલની આવક થાય, નેમેટોડ રોગને હજારીગલ અંકુશમાં રાખે છે.

આ ઉનાળામાં એક રૂપિયાના ખર્ચ વગર 40થી 45 હજારની આવક ટેટી તરબુચ અને શાકભાજીના વેચાણ થકી કરી હતી. એકજ ચાસમાં 8 પ્રકારના વાવેતર કરે છે. કયા છોડને કેટલી ગરમીની જરૂર છે, તે જાણીને વાવેતર કરે છે.

કાર્બન બચાવો

ભીખાભાઈ ભૂટકાએ બાગવાની જંગલ ફાર્મ તૈયાર કર્યું છે. જેમાં તેઓ ક્યારેય ખેડ કરતા નથી. કારણ કે કાર્બન જતો ન તે માટે તેઓ ખેડ કરતા નથી. જમીનને ઢંકાયેલી રહે એવું તેઓ કરે છે. શાકભાજી વાવેલા, જમીન ઢંકાયેલી રહે તેથી કાર્બન ઉડે નહીં. વચ્ચેની ખાલી જગ્યામાં તેઓ અનાજ, શાકભાજી તેમણે 1 એકરમાં 3 વર્ષથી પંચસ્તરિય ખેતી શરૂ કરી છે. જેમાં એકી સાથે ઘણા ફળના વૃક્ષો વાવે છે. વચ્ચેની ખાલી જગ્યાએ બીજા પાક લે છે. તેમાં આંબામાં આ વર્ષે કેરી આવી છે. કેરીને પહેલું વર્ષ છે. 40 કિલો કેરી 80 છોડમાંથી મળી છે. આંતર પાકમાં આંબાના છાંયડામાં હળદરનું વાવેતર કરે છે.

ખેતી બેન્કના પ્રાંગણમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વૃક્ષારોપણ

બોર્ડરૂમના ઉદઘાટન નિમિત્તે ખેતી બેન્કના પરિસરમાં પધારેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'એક પેડ માં કે નામ' પહેલ અંતર્ગત ખેતી બેન્કના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. તેની સાથે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા તથા બોર્ડના સભ્યોએ પણ વૃક્ષારોપણ કરીને હરિયાળા ભવિષ્યની રચનામાં પોતાનું યોગદાન આપ્યું હતું. .